सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૦૨–૧૧–૨૦૧૭ | | |
| દાખલ તારીખ | ૦૨–૧૧–૨૦૧૭ | | |
| ફેંસલ તારીખ | ૧૦–૦૪–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૫ | ૦૮ |

**સેશન્સ કેસ નંબર :–૮૭/૨૦૧૭**

**આં ક** :– ૯૦

## FORM-A

| |
|---|
| **મે. ખેડા જીલ્લાના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ–નડીઆદ.**<br>**(શ્રી એમ.જે.બ્રહ્મભટ્ટ, ચોથા એડીશનલ સેશન્સ જજ )** |
| **ચુકાદાની તારીખ : ૧૦–૦૪–૨૦૨૬**<br>**(સેશન્સ કેસ નંબર : ૮૭/૨૦૧૭)**<br>**(ડાકોર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૪૯/૨૦૧૭, આઈ.પી.સી.ની કલમ–૩૦૬ મુજબ )** |

| | |
|---|---|
| **ફરીયાદી.** | **શ્રી સરકાર**<br>**( મુળ ફરીયાદી:** રાજેશભાઈ કાંતીભાઈ રાવળ) |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી જી.વી.ઠાકુર**<br>**વિથ પ્રોસીકયુશન વિ.વ.શ્રી કે.પી.પટેલ** |
| **વિ રૂ દ્ધ** | |
| **આરોપી** | **તાહીરભાઈ રફીકભાઈ વોરા,**<br>ઉ.વ.– ૧૯, ધંધો–નોકરી,<br>રહેવાસી:–નેશ રાણીયા રોડ,ચંદુભાઈ મણીભાઈ પટેલના ખેતરમાં, તા.ઠાસરા, જિ.ખેડા. |

| | |
|---|---|
| **આરોપી તર્ફે** | **વિ.વ.શ્રી જી.એ.સૈયદ** |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૧૬/૭/૧૭ ની રાત્રીના કલાક ૨૧:૦૦ થી તા.૧૭/૭/૧૭ ના કલાક ૬:૩૦ દરમ્યાન |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૧૦–૦૮–૨૦૧૭ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૦૭–૧૦–૨૦૧૭ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ** | ૨૯–૦૯–૨૦૨૩ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૧૨–૧૨–૨૦૨૩ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | ૨ ૩ –૦૨ –૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૦ –૦૪–૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.** | – – – |

**આરોપીની માહીતી**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટવાની તારીખ | ચાર્જ ફ્રેમ કર્યા મુજબ ની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ 428,Cr.P.C. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **તાહીરભાઈ રફીકભાઈ વોરા**,ઉ.વ.– ૧૯, ધંધો–નોકરી, રહેવાસી:–નેશ રાણીયા રોડ, ચંદુભાઈ મણીભાઈ પટેલના ખેતરમાં, તા.ઠાસરા, જિ.–ખેડા. | ૧૦/ ૦૮/૧૭ | ૨૯ /૧૧/૧૭ | ઈ.પી. કો.કલમ–૩૦૬ | શંકા નો લાભ આપી છોડી મુકયા. | ના | – – – |

## FORM-C

## (એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–

| રેન્ક | આંક | સાહેદનું નામ | પુરાવાની વિગત – |
|---|---|---|---|
| PW-1 | ૨૧ | ડો.અલ્પેશ ચંદ્રકાંતભાઇ વાઘેલાની જુબાની | લાશનું પી.એમ કરનાર તબીબ સાહેદ |
| PW-2 | ૩૭ | રાજેશભાઇ કાંતીભાઇ રાવળની જુબાની | ફરીયાદી (મરણ જનારના પિતા) |
| PW-3 | ૩૯ | ચિરાગકુમાર રાજેશભાઇ રાવળની જુબાની | મરણ જનારના ભાઈ |
| PW-4 | ૪૧ | હીનાબેન રાજેશભાઇ રાવળની જુબાની | મરણ જનારના માતા |
| PW-5 | ૪૨ | રાજેશભાઇ હરમાનભાઇ પટેલની જુબાની | ઈન્કવેસ્ટ પંચનામાના તથા જમીનમાં દફનાવેલ લાશ પરથી કંટ્રોલ માટી કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-6 | ૪૫ | દીનેશભાઇ સોમાભાઇ રાવળની જુબાની | ઈન્કવેસ્ટ પંચનામાના તથા જમીનમાં દફનાવેલ લાશ પરથી કંટ્રોલ માટી કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-7 | ૪૬ | વિમળાબેન હરમાનભાઇ પટેલની જુબાની | ઈન્કવેસ્ટ પંચનામાના તથા જમીનમાં દફનાવેલ લાશ પરથી કંટ્રોલ માટી કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-8 | ૪૭ | પ્રકાશકુમાર પ્રભાશંકર પંડયાની જુબાની | સફેદ કલરનો મોબાઈલ પોલીસ રૂબરૂ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-9 | પર | બળવંતસીંહ પ્રભાતસીંહ ડોડીયાની જુબાની | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-10 | ૫૫ | સતદીપકુમાર કોહયાભાઇ રાઠોડની જુબાની | દફનાવેલ શબનું ઈન્કવેસ્ટ પંચનામું કરનાર (નાયબ મામલતદાર, ઠાસરા) |
| PW-11 | ૫૯ | પ્રેમકુમાર રમેશભાઇ રાવળની જુબાની | મરણ જનાર સાથે સગાઇ થયેલ વ્યકિત |
| PW-12 | ૬૦ | કૈલાસબેન રસીકલાલ શર્માની જુબાની | ગુનો રજીસ્ટર્ડ કરનાર પોલીસ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW-13 | ૬૩ | હર્ષદભાઇ જશભાઇ ઠાકોરની જુબાની | ફરીયાદ લેનાર તથા પ્રથમ ત.ક.અમલદાર |
| PW-14 | ૭૬ | રમેશભાઇ કનુભાઇ રાઠવાની જુબાની | બીજા ત.ક.અમલદાર તથા ચાર્જશીટ દાખલ કરનાર પોલીસ અમલદાર |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

(બી) બચાવ પક્ષનો મૌખિક પુરાવો :–

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| બચાવપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ નથી. |

(સી) કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| કોઈ મૌખિક પુરાવા રજુ થયેલ નથી. |

:: દસ્તાવેજી પુરાવો ::

(એ) ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–

| અનુ.નં. | આંક | (વિગત )દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૨ | દફનાવેલ લાશનું પી.એમ.પેનલ ડોકટરથી કરવા માટે સીની.પો.સ.ઈ.,ડાકોર નાઓએ નેશ,પ્રાથમીક આરોગ્ય કેંદ્રને કરેલ યાદી(તા.૯/૮/૨૦૧૭) |
| ૨ | ૨૩ | લાશ પરથી લીધેલ નમુના એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલેલ તેની લેખીત યાદી (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૩ | ૨૪ | એફ.એસ.એલ. રીપોર્ટ આવે નહી ત્યાં સુધી મોતનું કારણ મુલતવી રાખવા અંગેનું સીવીલ હોસ્પીટલ,અમદાવાદનું સર્ટીફીકેટ (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૪ | ૨૫ | પી.એમ.નોટ અસલ (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૫ | ૨૬ | કોઝ ઓફ ડેથ અંગેનો ફાયનલ ઓપીનીયન (તા. ૧૧/ ૧૨/૨૦૨૩ ) |

| | | |
|---|---|---|
| ૬ | ૩૮ | ફરીયાદીની અસલ ફરીયાદ (તા. ૧૦/૮/૨૦૧૭ ) |
| ૭ | ૩૯ | લાશ સોંપ્યાની અસલ પહોંચ (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૮ | ૪૩ | ઇન્કવેસ્ટ પંચનામું અસલ (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૯ | ૪૪ | લાશને દફનાવેલ જગ્યાએથી કંટ્રોલ માટી તેમજ સેમ્પલ માટી કબજે કર્યાનું પંચનામું(તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૧૦ | ૪૮ | મુ.માલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ પંચસ્લીપ |
| ૧૧ | ૪૯ | સાહેદ: હીનાબેન રાજેશભાઇ રાવળે પોલીસ રૂબરૂ રજુ કરેલ મોબાઇલ ફોન કબજે કર્યાનું પંચનામું (તા.૭/૮/૨૦૧૭) |
| ૧૨ | ૫૦ | મુ.માલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ પંચસ્લીપ |
| ૧૩ | ૫૧ | આરોપીની શરીર સ્થીતીનું તથા તેનો મોબાઇલ કબજે કર્યાનું પંચનામું (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૧૪ | ૫૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૧૫ | ૫૪ | બનાવવાળી જગ્યાના બીજા પંચસાહેદ: પરમાર કાભઇભાઇ બબુભાઇના મરણ નું પ્રમાણપત્ર (તા.૨૦/૨/૨૪) |
| ૧૬ | ૫૬ | સબ ડીવીઝનલ મેજી.ઠાસરા નાઓને, દફનાવેલ શબનું પરીક્ષણ કરવા નેસ ગામે સ્થળ ઉપર હાજર રહેવા માટેની ડાકોર પો.સ્ટેશનની ચાદી (તા. ૮/૮/૨૦૧૭ ) |
| ૧૭ | ૫૭ | સર્કલ ઓફીસર,ડાકોર નાઓને દફનાવેલ શબનું પરીક્ષણ કરાવવા નેસ ગામે સ્થળ ઉપર હાજર રહેવા માટેની સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,ઠાસરાની ચાદી (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૧૮ | ૬૧ | સ્ટેશન ડાયરીની કોમ્પ્યુટરાઇઝડ નકલ (તા. ૧૦/૮/૨૦૧૭ ની ) |
| ૧૯ | ૬૪ | મરણોત્તર ફોર્મ |
| ૨૦ | ૬૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૨૧ | ૬૬ | રવાનગી પત્રક (તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૨૨ | ૬૭ | મેડીકલ ઓફીસર,ડાકોર નાઓએ આપેલ આરોપીનું ફીટનેશ અંગેનું મેડીકલ સર્ટીફીકેટ (તા. ૧૧/૮/૨૦૧૭ ) |

| | | |
|---|---|---|
| ૨૩ | ૬૮ | એફ.એસ.એલ.અમદાવાદની યાદી (સીવીલ હોસ્પીટલ, અમદાવાદ)(તા. ૯/૮/૨૦૧૭ ) |
| ૨૪ | ૬૯,૭૦, ૭૧ | એફ.એસ.એલ. પહોંચો (તા. ૧૮/૮/૨૦૧૭ તથા (તા. ૩૧/૮/૨૦૧૭ ) ) |
| ૨૫ | ૭૨ | મોબાઇલ નં. ૭૦૯૬૮૦૮૭૭૫ ના મેસેજની ડીટેઇલ |
| ૨૬ | ૭૩ થી ૭૫ | મોબાઇલ ફોનની કોલ ડીટેઇલ્સ તથા મેસેજની ઝેરોક્ષ(મોબાઇલ નં. ૭૦૯૬૮૦૮૭૭૫ ની, મો.નં.૮૮૪૯૧૨૨૪૩૨ ની તથા મો.નં.૭૦૯૬૦૦૯૭૧૨ ની) |
| ૨૭ | ૭૭ | એફ.એસ.એલ. અમદાવાદ નાઓએ પી.એસ.આઇ.ડાકોર પો.સ્ટેશનને લખેલ પત્ર (તા. ૧૮/૮/૨૦૧૭) |
| ૨૮ | ૭૮ | એફ.એસ.એલ.અહેવાલ (તા. ૧૭/૯/૨૦૧૮) |
| ૨૯ | ૭૯ | સીરોલોજી અહેવાલ (તા. ૧૨/૯/૨૦૧૮) |
| ૩૦ | ૮૦ | પુરાવા બંધની પુરસીસ |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.**

(બી) બચાવપક્ષના દસ્તાવેજી પુરાવા :

| દસ્તાવેજની વિગત |
|---|
| બચાવપક્ષે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. |

(સી) કોર્ટના દસ્તાવેજી પુરાવા :-

| દસ્તાવેજની વિગત |
|---|
| કોઈ પુરાવા રજુ થયેલ નથી. |

## (ડી) મુદ્દામાલની વિગત:

| અનુ. નંબર | મટેરીયલ ઓબ્જેક્ટસ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક સફેદ આઇટેલ મોબાઇલ ફોન,મોડલ |

| | | |
|---|---|---|
| | | નં.આઇ.ટી.પ૬૦૨, ૨–જી.બી.નું મેમરી કાર્ડ છે તે) |
| ૨ | ૨ | એક કાળા કલરનો KED કંપનીનો મોબાઇલ ફોન |

# -// **ચુકાદો** //-

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ડાકોર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર: -૪૯/૨૦૧૭ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૩૦૬ મુજબના ગુનાનું તહોમતનામું રજુ કરવામાં આવેલ છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :-**

ગઈ તા.૧૬/૦૭/૧૭ ની રાત્રીના કલાક ૨૧:૦૦ થી તા.૧૭/૦૭/૧૭ ના કલાક ૬:૩૦ દરમ્યાન મોજે: નેસ હનુમાનજી વાળા ફળીયામાં ફરીયાદીની મરણ જનાર દીકરી પારૂલબેન ઉ.વ.૧૮ નાની સગાઈ સંદેરસ ગામે કરેલ હોઈ જેથી આ કામના આરોપીએ પારૂલબેનના લગ્ન ન થવા દેવા સારૂ સંદેરસ ગામે ફરીયાદીના સાહેદ નં.૧૪ પ્રેમકુમાર રમેશભાઇ રાવળનાઓને અવાર-નવાર ફોન કરી જણાવેલ કે, પારૂલના લગ્ન તારી સાથે થવા નહી દઉ તેમ જણાવતા હોય, જેની જાણ મરણ જનારને થતાં મનમાં લાગી આવતાં તે મરવા માટે મજબુર થતાં પોતાની જાતે પોતાના ઘરની બાજુની ઓરડીમાં ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી મરણ ગયેલ,જે અંગે આરોપીએ દુષ્પ્રેરણ કરી, ગુનો કરેલ હોય, ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલ જે ડાકોર પોલીસ

સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર: –૪૯/૨૦૧૭ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૬ મુજબના ગુના અંગે નોંધાયેલ.

**ચાર્જશીટ:–**

(૩) આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતા, તપાસ કરનાર અધિકારી દ્વારા ગુનાની તપાસ કરી, આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે ડાકોરના વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રી સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ, જેને **ફોજદારી કેસ નં. ૧૦૦૩/૨૦૧૭ થી તા.૭/૧૦/૨૦૧૭** ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ. આરોપી વિરુદ્ધના ઉપરોક્ત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોય, ડાકોરના વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે જરૂરી નકલો આરોપીને વિના મૂલ્યે પૂરી પાડી, જરૂરી જવાબ નોંધી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તા.૧૧/૧૦/૨૦૧૭ ના કમીટલ હુકમથી નડીઆદ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જે સેશન્સ કેસ નં.૮૭/૨૦૧૭ થી તા.૨/૧૧/૨૦૧૭ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી માટે નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફીસ ઓર્ડર નં.૬૯૭/૨૨ થી વિધ્વાન બીજા એડી.ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ તા.૩/૧૨/૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ છે.

(૪) આ કામે વિદ્વાન વિધ્વાન ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ આરોપી સામે તા.૨૯/૯/૨૦૨૩ ના રોજ **આંક–૧૮** થી **તહોમતનામું** ફરમાવેલ. જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી, **આંક–૧૯** થી તેઓનો **જવાબ** નોંધી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમને ગુનો કબૂલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી સદર કેસ પુરાવા માટે રાખવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે તેમના પુરાવા રજૂ કરવા સારૂ રાખવામાં આવેલ છે. ત્યારબાદ

પુરાવાના તબકકે અગાઉના વિ.ચોથા એડી.સેશન્સ જજ સાહેબશ્રીએ અને ત્યારબાદ અમોએ ચોથા એડી. સેશન્સ જજ તરીકે અત્રે હાજર થયા બાદ તા.૧૨/૬/૨૦૨૫ ના રોજ સાહેદ નં.૧૨ ને સોગંદ પર તપાસેલ છે અને કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફે આરોપી સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવા માટે **"ફોર્મ–સી"** માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકોર્ડ ઉપર રજૂ કરેલ છે.

(૬) ત્યારબાદ સદરહું કેસમાં આરોપીનું ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધી લેવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરી, પોતે બચાવના સાહેદ તપાસવા માંગતા ન હોવાનું તથા સોગંદ પર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, " ખોટો કેસ કરેલ છે."

## દલીલો :–

(૭) **ફરિયાદપક્ષ** તરફે વિ. **એ.પી.પી. શ્રી જી.વી.ઠાકુર** દ્વારા થયેલ મૌખિક દલીલો સાંભળી. જયારે,ફરીયાદપક્ષે વીથ પ્રોશીકયુશન વકીલશ્રી કે.પી.પટેલ ધ્વારા **આંક:૮૩ થી લેખીત દલીલો** રજુ થયેલ છે. સદરહું કેસના અનુસંધાને તેઓની દલીલોમાં મુખ્ય રજૂઆત છે કે; સદર કામે ફરિયાદ પક્ષે કુલ–૧૪ (ચૌદ) સાક્ષીઓ તપાસવામાં આવેલ છે તેમજ કુલ–૨૨ (બાવીસ) દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર રજૂ થયેલ છે. સદર ફરિયાદ પક્ષે તપાસાયેલ સાક્ષીઓના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો,સદર કામે આંક:૩૭ થી તપાસાયેલ ફરીયાદી તેમના પુરાવાની સરતપાસમાં આંક:૩૮ થી રજુ ફરીયાદની હકીકતને સંપુર્ણ સમર્થન કરેલ છે. ત્યારબાદ આંક:૪૭ થી તપાસાયેલ પંચસાહેદ : પ્રકાશકુમાર પ્રભાતભાઈ પંડયા તેમના પુરાવાની સરતપાસમાં કબજે લેવાયેલ સફેદ કલરનો મોબાઈલ મરણ

જનારની માતાએ રજુ કરેલાનું જણાવી આંક:૪૯ થી રજુ પંચનામામાં પંચોની સહી ઓળખી બતાવે છે તેમજ આંક:૫૧ થી રજુ આરોપીની શરીર સ્થીતિના પંચનામામાં આરોપી પાસેથી કાળા કલરનો મોબાઈલ ફોન કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. જયારે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૪ ને આંક–૪૧ થી હીનાબેન રાજેશભાઈ રાવળ કે જેઓ ભોગ બનનારના માતા થાય છે, તેઓ પણ ફરીયાદની હકીકતને સંપુર્ણ સમર્થન કરેલ છે. તેમજ તેમની મરણ જનાર દિકરીની સગાઈ સંદેસર ગામે રહેતા પ્રેમકુમાર રાવળ નાઓ સાથે કરેલ હતી અને આ તાહીર(આરોપી)નાઓ એ તેમના થનારા જમાઈને પણ ધમકી આપેલ હતી કે, હું તને કોઈ સંજોગોમા મરણ જનાર નાઓ સાથે લગ્ન કરવા નહી દઉં તેના કારણે તેમની દિકરીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરેલાનું જણાવી, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ વાળો સફેદ રંગનો મોબાઈલ બતાવવામાં આવતા, આ મોબાઈલ ફોન તેમના ઘરની બાજુમા તેમના કાકા સસરાનુ મકાન આવેલ અને જે રૂમમા તેમની દિકરીએ આત્મહત્યા કરેલ તે રૂમ સાફ કરતા તેમને મળેલ હતો તેજ મોબાઈલ હોવાનું પણ ઓળખી બતાવે છે. મરણ જનારના ભાઈ, ફરિયાદ પક્ષના સાહેદ નં.૩, ચિરાગકુમાર રાજેશભાઈ રાવળ પણ તેમના આંક–૩૯ ની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સંપુર્ણ સમર્થન કરેલ છે. તેમજ આરોપી તરફેની ઉલટ તપાસમાં પણ સદર સાહેદ મળી આવેલ સદરહું ફોન સાદો હતો, પરંતુ તેમાં ફોટા હોવાની હકીકત કબુલ કરી ગયા છે. આમ, આરોપી તરફે લેવામાં આવેલ સદર ઉલટ તપાસમાં પણ બચાવ પક્ષ પોતાનો બચાવ પુરવાર કરી શક્યા નથી. જયારે, ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૧, પ્રેમકુમાર રાજેશભાઈ રાવળને આંક– ૫૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસના પેરા – ૫ માં જણાવે છે કે," મારી મરણ જનાર સાથે સગાઈ થયેલ ત્યારબાદ મારા મોબાઈલ પર ધમકી ભર્યા ફોન આવતા હતા અને મને જણાવતો હતો

કે જો તુ મરણ જનાર સાથે લગ્ન કરીશ તો તને મારી નાખીશ અને હું મરણ જનાર સાથે છેલ્લા દોઢ વર્ષથી મારે તેની સાથે પ્રેમસંબંધ છે. તેવો ફોન તાહીર રફીક વ્હોરા નાઓ મને કરતા હતા અને મને ફોનમાં ગાળો બોલતો હતો અને ધમકી આપતો હતો અને મારા ફોન પર બાઇક સર્વીસ કરાવવુ છે તેવા ફોન આવતા. " જયારે, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પષ્ટ જણાવે છે કે," મરણ જનાર અવસાન પામેલ તેના ત્રણેક માસ અગાઉ મારી સગાઈની વાત તેણી સાથે થયેલ. તેમજ સાહેદ નં.૧૦ ને આંક-૫૫ થી એસ. કે. રાઠોડ નાઓ તેમની સરતપાસમાં જણાવે છે કે,તેઓ ગઈ તા. ૦૯ / ૦૮ / ૨૦૧૭ના રોજ નાયબ મામલતદાર તરીકે ઠાસરા મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સબ ડીવીઝનલ મેજી. ઠાસરા નાઓએ અમોને નેસ ગામે દફનાવેલ શબનુ પરીક્ષણ કરાવવા હુકમ કરતા તેઓ તા. ૦૯ / ૦૮ / ૨૦૧૭ ના રોજ નેસ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના પાછળના ભાગે રાવળ સમાજના કબ્રસ્તાન વાળી જગ્યાએ ગયેલા અને દફનાવેલ શબનુ પરીક્ષણ કરાવવાનું હોય બે પુરૂષ તથ એક સ્ત્રી પંચને હાજર રખાવી દફનાવેલ સ્ત્રીની લાશ કાઢી તેનુ ઈન્કવેસ્ટ પંચનામુ સ્થળ પર કરવામા આવેલ જે મરણજનાર પારૂલબેન રાજેશભાઈ રાવળની હતી અને ઈન્કવેસ્ટ પંચનામુ થયા બાદ તેઓ રૂબરૂ ત્રણેય પંચોએ સહી કરેલાનું જણાવી, આંક-૪૩ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં પોતાના અક્ષરો હોવાનું તથા ત્રણેય પંચોની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ ને આંક - ૨૧ થી ડૉ. અલ્પેશ ચંદ્રકાંતભાઈ વાઘેલા (મેડીકલ ઓફિસર) નાઓ તેમની કોર્ટ રૂબરૂની સર તપાસમાં કરવામાં આવેલ પી. એમ. વિગતવારનું જણાવેલ છે. જયારે, ફરિયાદપક્ષે તપાસાયેલ સાહેદ નં. ૧૨ કૈલાશબેન રસિકલાલ શર્મા તેમની આંક- ૬૦ થી રજુ સરતપાસમાં તેઓએ ફરીયાદીની ફરીયાદ તેમના લખાવ્યા મુજબની લખી લીધેલાનું જણાવી ફરીયાદ આધારે ગુનો દાખલ કરેલ છે. જયારે ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૩, હર્ષદભાઈ

જશભાઈ ઠાકોરને આંક – ૬૩ થી (ફરીયાદ લેનાર તથા પ્રથમ ત. ક. અધિકારી ) તેમજ ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧૪, રમેશભાઈ કનુભાઈ રાઠવા(બીજા ત.ક.અમલદાર તથા ચાર્જશીટ દાખલ કરનાર) ત.ક. અમલદાર આંક – ૭૬ થી રજુ તેમના પુરાવા દરમ્યાન પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો ચિતાર વર્ણવી ગયેલ છે.

**(૭.૧)** વધુ દલીલમાં તેઓ જણાવે છે કે, ફરીયાદ પક્ષના સાહેદો હોસ્ટાઈલ થવાથી અન્ય સાહેદોનો ભરોસા પાત્ર પુરાવો માનીને કેસને સમર્થનકારી પુરાવો માનવો જોઈએ. પોતાની સદર દલીલના સમર્થનમાં તેઓ ૨૦૧૧ GLR રમેશભાઈ મોહનભાઈ કોલી વિ. સ્ટેટ ઓફ ગુજરાત પાન નં.–૮૧૦ ના ચુકાદા પર આધાર રાખેલ છે. આમ ઉપરોક્ત તમામ જુબાનીઓ તથા દસ્તાવેજી પુરાવા જોતા, ફરિયાદી પક્ષ આ કામના આરોપી વિરૂદ્ધ ગુનો પુરવાર કરતી સમગ્ર હકીકતો નામ. કોર્ટના રેકર્ડ પર લાવેલ છે તેમજ નામદાર કોર્ટે ફરમાવેલ તહોમતનામા મુજબનો ઈ.પી.કો. કલમ –૩૦૬ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. આ કામના આરોપીના આ કૃત્યને કારણે આ કામના મરણ જનારનાં પરિવારને સામાજિક, આર્થિક, માનસિક ન આંકી શકાય તેટલું નુકસાન સહેવું પડેલ છે. આમ,આ કામના આરોપીએ મરણ જનારને ધમકી આપેલ હોય, ભોગ બનનાર મરણ જનારને આ કામના આરોપીએ એટલી હદે હેરાન કરેલ છે કે ભોગ બનનારે મૃત્યુ પસંદ કરી પોતાનું જીવન ખતમ કરી દીધેલ છે, તેમજ આ કામના આ કામના આરોપીને જાણમાં છે કે ભોગ બનનાર મરણ જનારની સગાઇ થઈ ગયેલ છે છતાં ભોગ બનનાર મરણ જનારની જે વ્યક્તિ સાથે સગાઇ થયેલ તેને પણ ફોન કરી ને ભોગ બનનાર ને બદનામ કરીને તેની સાથે લગ્ન નહી કરવા બાબતે ધમકી આપેલ છે, જે સદર કેસ માં સ્પષ્ટ સાબિત થાય છે અને ફરિયાદીની દીકરીને આપઘાત કરવા મજબુર કરેલ હોય, આરોપી પર કોઈપણ જાતની દયા રાખવી એ સુસંસ્કૃત સમાજમાં આવા નરાધમ અને સમાજની અખંડ એકતા તોડવા વાળા રાક્ષસને

છુટા મુકવાથી સમાજ વ્યવસ્થા છિન્ન – ભિન્ન થતી હોય છે. આ કામના મરણજનાર " સ્ત્રી " છે અને " સ્ત્રી " ના માન, સન્માન, અને સ્વમાન માટે અને સમાજમાં દાખલો બેસે તે હેતુથી અને આવા હવસખોર,વિકૃત માનસીકતા ધરાવતા નરાધમોને કાયદાની બીક રહે તેવા હેતુથી કાયદાની જોગવાઈ અનુસાર કડક માં કડક મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

(૮) જયારે, આ સામે આ કામે **આરોપી તરફે વિ.વ.શ્રી જી.એ.સૈયદ** નાઓએ આંક:૮૯ થી લેખિત દલીલ રજુ કરેલ છે. તેઓની દલીલોમાં રજુઆત છે કે, સદર કામે આંક.૨૧ થી સાહેદનં.૧૦ તરીકે ડો.અલ્પેશ ચંદ્રકાંતભાઈ વાઘેલા તેમની સરતપાસમાં જણાવે છે કે, " મૃતદેહ સડી રહેલ હતો દુર્ગંધ મારતો હતો, સડવાને કારણે પોસ્ટ મૉર્ટમ લીવીડીટી વિશે અભિપ્રાય આપી શકાય નહી, શરીરની જુદી જુદી જગ્યાએ ચામડી નીકળી ગયેલ હતી આખા શરીર પર જુદીજુદી જગ્યાએ બદામી પડતા કાળા રંગના ડાઘ હતા શરીરના તમામ વાળ સહેલાઈ થી ખેચી શકાય તેમ હતા.દાંત ઢીલા થઈ ગયેલ હતા ચહેરાની લાક્ષણીકતાઓ ઓળખી શકાય તેમ ન હતી. મુખ અર્ધખુલ્લુ હતુ. જીભ બહાર આવી ગયેલ હતી જે નરમ કાળી થઈ ગયેલ અને સડી રહેલી હતી બંને આંખના ડોળા નરમ થઈ ગયેલ અને પોચા થઈને સડી રહેલ હતા. નાક અને બંને કાનમાંથી કોઈપણ પ્રકારનું પ્રવાહી આવતું ન હતુ. બાહય જનેન્દ્રીઓ પર કોઈ ઈજા શોધી શકાય નહતી, બંને હાથ અને બંને પગ સામાન્ય રીતે સીધી અવસ્થા માં હતા. વધુમાં જણાવે છે કે, ઉપર દર્શાવેલ ઈજા મૃતદેહ સડી રહેલ હોવાને કારણે મૃત્યુ પહેલાની છે કેમ મૃત્યુ પછીની તેના વિશે અભિપ્રાય આપી શકાય નહી. આંતરીક પરીક્ષણ મૃતદેહ સડી રહેલ હોવાને કારણે ગળાના ભાગે કઈ ઈજા ઓળખી શકાય ન હતી, હાપોઈડ બોર્ન અને થાઈરોઈડ કાટીલેજ અંકબંધ હતો. વધુમાં સદર મેડીકલ ઓફીસર જણાવે છે કે, "એફ.એસ.એલ.ના રીપોર્ટ આવ્યા બાદ તે તમામ રીપોર્ટ અને પી.એમ.નોટ ધ્યાને લઈ તા.

૧૧–૧૨–૨૦૨૩ નારોજ મૃત્યુ અંગેનો અંતિમ અભિપ્રાય આપેલ. મરણ જનાર પારૂલબેન રાજશભાઈ કાંતીભાઈ રાવળ ઉવ.આ.૧૮ નાઓના મ ત્ય અંગે કોઈ ચોકકસ અભિપ્રાય આપી શકાય તેમ નથી. જયારે,આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ શબ ડીકમ્પોઝ હાલતમાં આવેલ હોવાથી આ ઈસમના અવસાનનું કારણ તેઓ ચોકકસ રીતે આપી શકીએ નહી તેમજ આ શબનું થાઈરોડ કાર્ટીલેજ તુટેલ હાલતમાં ન હોવાનું તેમજ આ કીસ્સામાં હેન્ગીગ સિવાયનું પણ મૃત્યુ કે કારણ હોઈ શકે.આમ સદર તબીબ સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો, પ્રોસીકયુશન ગુજરનારનું મૃત્યુ હોમીસાઈ હતું કે સુસાઈડ હતું, તે પુરવાર કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ ગયેલ છે. તેમજ ગુજરનારનો કોઈ ડી.એન.એ. ટેસ્ટ કરાવવામાં આવેલ નથી. જેથી ફરીયાદીની દીકરીનું જ સબ પરીક્ષણ કરવામાં આવેલ છે,તેવુ પણ પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી કારણ કે,જે લાશનું સબ પરીક્ષણ કરવામાં આવેલ છે તે ડીકમ્પોન્ડઝ બાકી હતી જેથી તપાસનીસ અધીકારી દ્વારા ડી.એન.એ. ટેસ્ટ કરાવીને પુરાવો ના. કોર્ટના રેકર્ડ ઉપર લાવવો જોઈએ કે, ફરીયાદીની દીકરીનું પી.એમ. કરવામ આવેલ છે. ત્યારબાદ સદર કામે આંક.૨૭ થી તપાસાયેલ ફરીયાદી: રાજેશભાઈ કાંતીભાઈ રાવળ, કે જેઓ ભોગ બનનારના પિતા થાય છે,તેઓ સરતપાસમાં જણાવે છે કે, કહેવાતો બનાવ તા.૧૬–૭–૨૦૧૭ ના રોજ બનેલ છે, તેમની દીકરીની દફનવીધી બાદ પાંચેક દીવસ તેની વીધી રાખેલ.ત્યારબાદ તેમની દીકરીએ જે જગ્યાએ ફાંસો ખાધેલ હોય તે ઓરડીમાં સાફસફાઈ કરતા ઓરડીમાંની એક સફેદ કલરનો મોબાઈલ મળેલ તે મોબાઈલ જોતા તેમાં તાહીર રફીક વહોરાના નામનો તેમના ગામના છોકરોનો ફોટો હતો અને તે મોબાઈલમાં ધમકી ભર્યો મેસેજ હતા, જે મેસેજમાં ''તારા કોઈ સંજોગોમાં લગ્ન નહી થવા દઉ'' તે સિવાય બીજા ધમકી ભર્યો મેસેજો હતા, જે મેસેજો તાહીર વોરાનાઓએ તેમની દીકરીને કરેલ હતા. તેમની દીકરીની

સગાઈ સંદેશર ગામે રહેતા પ્રેમકુમાર રમેશભાઈ રાવળ સાથે કરેલ હતી અને આ મેસેજોના કારણે તેમની દીકરીએ ગળે ફાંસો ખાધેલ હતો ત્યારબાદ તેમની દકીરીની લાશ કાઢેલ, જે લગભગ તા.૨૦–૭–૧૭ ના રોજ કાઢેલી તે સમયે મામલતદાર સાહેબ અને બીજા પોલીસવાળા હાજર હતા અને લાશ કાઢયા બાદ અમદાવાદ પી.એમ.માટે મોકલેલ. જયારે,આરોપી તરફેની ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની દીકરીએ ગળે ફાંસો તા.૧૬–૭–૨૦૧૭ ના રોજ ખાધેલ અને ફરીયાદ તેઓએ તા. ૧૦–૮–૨૦૧૭ ના રોજ આપેલ, જે તે સમયે તેમની દીકરીના લગ્ન માટે માંગા આવતા હતા, દીકરીનો ઉછેર તેઓએ ખુબ પ્રેમ થી કરેલ, આરોપી તાહીર ગામમાં રહે છે, જેથી તેઓ તેને ઓળખે છે, તેમના ઘર થી આરોપીના ઘરે જતા ૧૫ મીનીટનો સમય લાગે, મુદ્ધામાલ આર્ટીકલનં.૧ વાળો સફેદ કલરનો મોબાઈલ તેઓએ લઈ ને તેમની દીકરીને આપેલ ન હતો તથા આ મોબાઈલ તેમની દીકરી ઘરમાં વાપરતી ન હતી તેમની સામે આ મોબાઈલનો ઉપયોગ તેમની દીકરીએ કયારેય કરેલો નથી,તેમની દીકરીએ આ મુદ્ધામાલ આર્ટીકલ નં.૧ વાળા મોબાઈલનો ઉપયોગ તેમના ઘરના કોઈ સભ્યોની હાજરીમાં કરેલ હોય તેવુ પણ તેઓએ જાણેલ નહી.એ વાત પણ ખરી છે કે, મુદામાલ આર્ટીકલ નં. ૧ વાળો મોબાઈલ તેમની દીકરી હયાત હતી ત્યાં સુધી તેઓએ કે તેમના ઘરના કોઈ સભ્યએ જોયેલ નથી, તેમની દીકરી ગુજરી ગયા પછી આ મુદામાલ આર્ટીકલ –૧ વાળો મોબાઈલ તેઓએ ત્રણ દીવસ પછી જોયેલ તથા તેમની દીકરી જીવીત હતી ત્યાં સુધી કોઈ ફરીયાદ આ આરોપી બાબતેની તેમને કે તેમના ઘરના લોકોને કરેલ નહી, તેમની દીકરી જીવીત હતી ત્યાં સુધી તેઓએ કે તેમના ઘરના લોકોએ આરોપી સામે કોઈ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલ નહી તથા તેમની દીકરીને આરોપી તાહીર સાથે કોઈ પણ જાતના સંબધો હોય તેની માહીતી તેમને કે તેમના ઘરના લોકોને હતી નહી તેમજ આ મોબાઈલ મળ્યો તે અગાઉ આ મોબાઈલનો

ઉપયોગ કોણ કરતું હતું, તેની તેમને કે તેમના ઘરના સભ્યોને જાણ ન હતી એ વાત પણ ખરી હોવાનું જણાવે છે કે, મોબાઈલ મળી આવતા તેઓએ શંકાના આધારે આરોપી તાહીર વિરૂધ્ધ ફરીયાદ કરેલ. આમ, સદર સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો, કહેવાતો બનાવ તા. ૧૬–૭–૨૦૧૭ નારોજ બનેલ હતો, કહેવાતો આર્ટીકલ નં.૧ વાળો મોબાઈલ ગુજરી ગયા બાદ ૩ દીવસ પછી જોયેલો દીકરીની લાશ તા.૨૦–૭–૨૦૧૭ ના રોજ કાઢેલી જયારે આ કામની ફરીયાદી તા.૧૦–૮–૨૦૧૭ નારોજ આપવામાં આવેલ. આ વિલંબ બાબતે કોઈ ખુલાસો પ્રોસીકયુશન દ્વારા કરવામાં આવેલ નથી, જો મોબાઈલ તા.૧૯–૦૭–૨૦૧૭ નારોજ ત્રણ દીવસ બાદ મળ્યો હોય તો મોબાઈલ તા.૦૭–૦૮–૨૦૧૭ સુધી પંચનામાની રૂએ કબજે લીધેલ ત્યાં સુધી કોની કસ્ટડીમાં હતો અને આટલા દીવસ બાદ તેમાં મેન્યુપેષ્ટ થવાના પણ કારણો નકારી શકાય તેમ નથી.વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના ફરીયાદી કબુલ રાખે છે કે,મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળો સફેદ કલરનો મોબાઈલ તેઓએ લઈ આપેલ નહી કે તેમના ઘરના કોઈ સભ્યએ લઈ આપેલ નથી તેમજ તેઓની હાજરીમાં ગુજરનારે કયારેય ઉપયોગ કરેલ નથી કે ઉપયોગ કરતા જોયેલ નથી અને સ્પષ્ટપણે કબુલ કરે છે કે, આ મોબાઈલ મળ્યો તે અગાઉ આ મોબાઈલનો ઉપયોગ કોણ કરતુ હતુ તેની તેમને કે તેમના ઘરના સભ્યોને જાણ ન હતી તેમજ તેઓએ મોબાઈલ મળતા શંકાને આધારે ફરીયાદ આરોપી તાહીર વિરૂધ્ધ કરેલ. આમ સદર સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે, પ્રોસીકયુશન દ્વારા મુદ્દામાલ આર્ટીકલનં–૧ વાળો મોબાઈલ ગુજરનાર દીકરી વાપરતી હતી તે પુરવાર થઈ શકેલ નથી અને માત્રને માત્ર શંકાને આધારે ફરીયાદ આપવામાં આવેલ છે.

(૮.૧) જયારે, સદર કામે આંક.૩૯ થી તપાસાયેલ સાહેદ નં.૩ ચિરાગકુમાર રાજશેભાઈ રાવળ તેમની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે,"તેણે કયા નંબરથી મોકલેલ તે હાલ યાદ નથી "

જયારે, આરોપી તરફેની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેમની બહેન મોબાઈલ વાપરતી હોય તે વાતની તેઓને જાણ નથી તેમજ તેને મોબાઈલ ઉપર વાત કરતા પણ જોયેલ નથી, ઘરવાળાઓએ તેમની બહેનને મોબાઈલ લઈ આપેલ નહી. જયારે, મરણ જનારના માતા હીનાબેન રાજેશભાઈ તેમના આંક.૪૧ ના પુરાવાની સરતપાસમાં જણાવે છે કે," ત્યારબાદ બે–ત્રણ દીવસ બાદ મારી દીકરી જે જગ્યાએ ફાંસો ખાધેલ તે ઘરના રૂમમાં અમોએ સાફ સાફાઈ કરતા એક સફેદ કલરનો મોબાઈલ મળેલ અને મે મારા દીકરા ચિરાગને આ મોબાઈલ બતાવતા તે મોબાઈલ ચાલુ કરતા તેમાં તાહીર નામના ઈસમના ફોટા તેમજ ધમકી ભર્યો મેસેજ જોવા મળેલ. જયારે,સદર સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ કબુલ રાખે છે કે," એ વાત ખરી છેકે, આ મોબાઈલ માં ફોટા કયાંથી આવ્યા તેની મને ખબર નથી, મોબાઈલ મારી દીકરીને લઈ આપેલ નથી, આ મોબાઈલ મળેલ તે પહેલા આ મોબાઈલ મે કયારેય મારી દીકરી પાસે જોયેલ નથી, મોબાઈલ મળ્યો તે પહેલા આ મોબાઈલનો ઉપયોગ કોણ કરતુ હતુ તેની મને કોઈ માહીતી ન હતી. વધુમાં સદર સાહેદ કબુલ રાખે છે કે, મોબાઈલ જે દીવસે પોલીસને આપેલ તે જ દીવસે ફરીયાદ કરેલ તેમજ પોલીસને સુપરત કરેલ તે પહેલા ફરીયાદ કરેલ નહી. આમ, ઉપરોકત સાહેદની જુબાની જોવામાં આવે તો, સદર સાહેદની જુબાનીથી પણ પ્રોસીકયુશન મુદ્દામાલ આર્ટી.નં.૧ મોબાઈલ ગુજરનાર વાપરતી હતી અને તેમાં ફોટા તથા મેસેજો ગુજરનારને કરેલા હતા, તેવો કોઈ પુરાવો પ્રોસીકયુશન દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

(૮.૨) વધુ દલીલમાં જણાવે છે કે, ફરીયાદપક્ષે આંક.૪૨ થી તપાસાયેલ પંચસાહેદ: રાજેશભાઈ હરમાનભાઈ પટેલ તથા આંક.૪૫ થી પંચ સાહેદ: દિનેશભાઈ સોમાભાઈ રાવળને લાશ કાઢવાના પંચો તરીકે તપાસવામાં આવેલ છે પરંતુ સદર બંને પંચો પ્રોસીકયુશનના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર

કરેલ છે. જેથી પ્રોસીકયુશન ફરીયાદીની દીકરીની જ લાશ હતી, તે પુરવાર કરવામાં નીષ્ફળ ગયેલ છે. આમ અગાઉ દલીલ કરી તેમાં ડો.શ્રી દ્વારા લાશનું ડી.એન.એ. ટેસ્ટ કરાવવામાં આવેલ નથી. જેથી દફનાવેલ લાશ જે બહાર કાઢી તે ફરીયાદીની દીકરીની જ હતી, તે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. સદર કામે આંક.૪૩ થી તપાસાયેલ પંચસાહેદ: વિમળાબેન હરમાનભાઈ પટેલ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ દફનાવેલી લાશ કાઢવા બાબતના પંચ છે. પરંતુ તેઓને પણ પ્રોસીકયુશન દ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. અને તેઓ પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતા નથી.

(૮.૩) વધુ દલીલમાં જણાવે છે કે, ફરીયાદપક્ષે આંક:૪૭ થી તપાસાયેલ સાહેદ : પ્રકાશકુમાર પ્રભાશંકર પંડયા કે જેઓ જેઓ મુદ્દામાલ આર્ટી.નં. ૧ મોબાઈલ ગુજરનારની માતાએ રજુ કરેલ તેના તથા મુદ્દામાલ આર્ટી.નં.ર કે જે તહોમતદાર તથા કપડાં કબજે કરેલ તેના પંચ છે સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો, તેઓ કબુલ કરે છે કે, આંક.૪૯ વાળા પંચનામામાં અને આંક.પ૧ વાળા પંચનામામાં હું બોલતો હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી, મને એ વાત યાદ નથી કે, આંક.૪૯ વાળા પંચનામા વખતે મારી રૂબરૂ મોબાઈલ સીલ થયેલ નહી, વધુમા કબુલ કરે છે કે, મારી રૂબરૂ આ મોબાઈલ ઘરમાંથી મળેલ નહી, પોલીસે લખાણ કરેલ તેમા મારી સહીઓ લીધેલી. આમ ઉપરોકત જુબાનીથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે, સદર પંચ સાહેદ દ્વારા આંક.૪૯ તથા આંક.પ૧ વાળુ પંચનામુ તેઓના લખાવ્યા મુજબ પોલીસે લખેલ નથી તેમજ લખાણમાં માત્ર તેઓએ સહીઓ કરેલાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. ત્યારબાદ સદર કામે આંક.પર થી તપાસાયેલ સાહેદ: બળવંતસિંહ પ્રભાતસિંહ દોડીયા કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચસાહેદ છે,તેઓને પણ પ્રોસીકયુશન દ્વારા હોસ્ટાઈલ કરવામાં આવેલ છે.આમ, પ્રોસીકયુશન દ્વારા ગુનાવાળી જગ્યા પુરવાર

કરવામાં પણ નિષ્ફળ ગયેલ છે. ત્યારબાદ આંક.૫૫ થી સાહેદ:સતદીપકુમાર કોહ્યાભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવે છે જેઓ નાયબ મામલતદાર ઠાસરા તરીકે ફરજ બજાવતા હતા, તેઓની રૂબરૂ દફનાવેલી લાશ કાઢવાનું કાર્ય કરવામાં આવેલ છે,આમ, તેઓ ફોર્મેલ વિટનેશ છે. ત્યારબાદ સદર કામે આંક.૫૯ થી તપાસાયેલ સાહેદ: પ્રેમકુમાર રમેશભાઈ રાવળ કે જેઓના ગુજરનાર સાથે લગ્ન નક્કી કરવામાં આવેલ છે, તેઓ તેમની સરતપાસમાં જણાવે છેકે," મારી સાથે સગાઈ થયેલ ત્યારબાદ મારા મોબાઈલ ઉપર ધમકી ભર્યા ફોન આવતા હતા અને મને જણાવતો હતો કે, તું ભોગ બનનાર સાથે લગ્ન કરીશ તો તને મારી નાંખીશ અને હું ભોગ બનનાર સાથે છેલ્લા દોઢ વર્ષથી પ્રેમ સંબંધ છે તેવો ફોન તાહીર રફીક વહોરા નાઓએ મને કરતા હતા અને મને ફોનમાં ગાળો બોલતો હતો અને ધમકી આપતો હતો વધુમાં સરતપાસમાં જણાવે છે કે," આ તાહીર રફીક વહોરા ના ઓને મારે રૂબરૂ મળવાનો પ્રસંગ બનેલ નહી. જયારે, સદર સાહેદ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, ભોગ બનનાર અવસાન પામેલ તેના ત્રણ એક માસ અગાઉ મારી સગાઈની વાત તેની સાથે થયેલી સગાઈની વાતચીત થયા બાદ મે ભોગ બનનારને ફોન લઈ આપેલ. એ વાત ખરી છે કે, ભોગ બનનારે તેણીના આવા કોઈ પ્રેમસંબંધ બાબતે કોઈ વાત કરેલ નહી. એ વાત ખરી છે કે, હું તાહીર વહોરાને કયારેય મળેલ નહી એ વાત ખરી છે કે, તાહીર વોરા સાથે મારે રૂબરૂ કોઈ વાતચીત થયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ પહેલા આ તાહીર વહોરાનો રૂબરૂમાં કોઈ અવાજ સાંભળેલ નથી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, મે મારા ફોન ઉપર આવા ફોન આવતો હોય તેની જાણ માતાપિતાને કરેલ. મે ભોગ બનનારના માતા પિતાને એવુ કહેલ નહી કે, ભોગ બનનારને બીજા સાથે પ્રેમ સંબધ છે, જેથી મારે તેની સાથે લગ્ન કરવા નથી. એ વાત ખરી છે કે, ભોગ બનાનાર અવસાન પામેલ ત્યાં સુધી મારે તેની સાથે પ્રેમ સંબધના લીધેલ લગ્ન કરવા નથી તેવુ જણાવેલ નહી. વધુમાં

સદર સાહેદ કબુલ રાખે છે કે, તા. ૧૨–૮–૨૦૧૭ ના રોજ પોલીસે મારો જવાબ લીધેલ તે પહેલા તમામ વિગતો મે કોઈની સામે જાહેર કરેલ નહી એ વાત ખરી છે કે,આજરોજ જુબાની આપવા આવેલ તે પહેલા ફરીયાદપક્ષના વકીલશ્રીને મળેલ છુ. વધુમાં સદર સાહેદ એ વાત પણ કબુલ કરે છે કે, એ વાત ખરી છેકે, મે મારા પોલીસ જવાબમાં એવું લખાવેલ નથી કે, '' ધમકી ભર્યો ફોન આવતા હતા અને મને જણાવતો હતો કે, જો તું ભોગ બનનાર સાથે લગ્ન કરીશ તો તને મારી નાખીશ '' આમ, સદર સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો, સદર સાહેદને કયા મોબાઈલ ફોન ઉપરથી ધમકી આપવામાં આવતી હતી, તેવુ ફલિત થતું નથી તેમજ સદર સાહેદની જુબાની મુજબ તેઓ કયારેય તો.દારને રૂબરૂ મળેલ નથી કે તો.દારનો રૂબરૂમાં અવાજ સાંભળેલો નથી તો તેઓ કઈ રીતે કહી શકે કે, તેમને ધમકી ભર્યા ફોન તાહીરના આવતા હતા તેમજ સદર સાહેદ તેઓને ધમકીભર્યા ફોન આવતા હતા તે બાબતની જાણ ભોગ બનનારના ગુજરી ગયા અને તેનો જવાબ લીધો ત્યાં સુધી કોઈને આ બાબતને જાણ કરતા નથી. જેથી સદર સાહેદનો પુરાવો પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી.

(૮.૪) વધુ દલીલમાં તેઓ જણાવે છે કે, ત્યારબાદ સદર કામે આંક.૬૦ થી સાહેદ કૈલાસબેન રસીકલાલ શર્માને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ માત્ર ગુનો નોધનાર ફોર્મેલ વિટનેશ છે.પરંતુ તેઓ કબુલ કરે છે કે, આ કામની ફરીયાદ ૨૪ દીવસ મોડી આપવામાં આવેલ છે અને ફરીયાદ ૨૪ દીવસ મોડી આપવાનું કોઈ વ્યાજબી કારણ પ્રોસીકયુશન દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.ત્યારબાદ આંક.૬૩ થી તપાસાયેલ સાહેદ : હર્ષદભાઈ જયેશભાઈ ઠાકોર કે જેઓ ત.ક.અમલદાર છે, તેઓ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, બનાવ તા.૧૬–૭–૨૦૧૭ ના રોજ બનેલ છે. જયારે આ કામની ફરીયાદી તા. ૧૦–૮–૧૭ ના રોજ આપવામાં આવેલ છે અને આ ફરીયાદ મોડી આપવાનું કોઈ વ્યાજબી કારણ

સદર સાહેદ દ્વારા ખુલાસો કરવામાં આવેલ નથી, કોઈપણ વ્યકિતનું મૃત્યુ આ રીતે થયેલ હોય તો તેની પહેલી જાણ પોલીસને કરવાની આવે. એ વાત પણ ખરી હોવાનું જણાવે છે કે, ભોગ બનનારને દફનાવી દીધી પરંતુ જે તે સમયે પોલીસને જાણ કરેલી નહી, તા.૯–૮–૨૦૧૭ ના રોજ પોલીસ સ્ટેશને જાણ કરેલી, આવા સંજોગોમાં થયેલ મોતની જાણ પોલીસને ના કરી હોય તો શંકા ઘરવાળા ઉપર જાય, જે એસ.એમ.એસ. કબજે કરેલા તે જોતા, ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ–સંબંધ હોવાનું પ્રાઈમાફેસી જણાઈ આવે છે,જે મોબાઈલ કબજે કરવામાં આવ્યો તે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ ન હતો, મોબાઈલમાં આવેલ મેસેજ સાચા છે કે ખોટા છે, તે જાણવા માટે મોબાઈલ એફ.એસ.એલ. માં મોકલવો જરૂરી છે, એ વાત પણ ખરી હોવાનું જણાવે છે કે, આ કામે અમોએ ૬૫(બી) મુજબનું કોઈ સર્ટીફીકેટ મેળવેલ નહી, તપાસ દરમ્યાન કબજે લીધેલ મોબાઈલ સીમ કાર્ડનો નં–૭૦૯૬૮૦૮૭૭૫ આરોપીના નામે ન હતો, આ મોબાઈલ નંબર આરોપી તાહીર ઉપયોગ કરતો હતો તે સંબધે કોઈ નિવેદન લીધેલ નથી, પરંતુ સદરહું મોબાઈલ નંબર આરોપી પાસેથી મળી આવેલ નથી, જેથી તે જ ઉપયોગ કરતો હતો. ત્યારબાદ ત.ક.અમલદારને પ્રશ્ન પુછવામાં આવેલ કે, આરોપીના મોબાઈલમાંથી કોઈ મેસજ કરેલા હોય તેવો કોઈ પુરાવો આરોપીના મોબાઈલમાંથી મળી આવેલ નથી તેના જવાબમાં તક.અમલદાર સ્પષ્ટપણે કબુલ કરે છે કે, આરોપીના મોબાઈલમાંથી થયેલા મેસેજ મળી આવેલ ન હોય આરોપી ઈરૈજ કરી દીધેલ હોય તે સંભવ છે. વધુમાં આઈ.ઓ.એ હકીકત કબુલ રાખે છે કે,"મેસેજ ઈરૈજ કર્યા બાબતની માહીતી મેળવવા માટે મોબાઈલ એફ.એસ.એલ. માં મોકલવો જરૂરી છે, આવી કોઈ માહિતી મેળવવા માટે સદરહુ આરોપીનો મોબાઈલ એફ.એસ.એલ. માં મોકલેલ નથી. આમ ત.ક.અમલદારની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે,અકસ્માત મોતની જાણ પોલીસને તાત્કાલીક કરવી જોઈએ અને

જો ન કરે તો ઘરવાળા ઉપર શંકા જાય.ત.ક.અમલદાર કબુલ કરે છે કે, આરોપી અને ભોગ બનનારને પ્રેમસંબંધ હતો. મુદ્દામાલ આર્ટીકલનં.૧ વાળો મોબાઈલ કે જેમાં એસ.એમ.એસ તથા ફોટા હતા તે મોબાઈલ ત.ક.અમલદારે એફ.એસ.એલ.માં મોકલી તે મેસેજોની ખરાઈ બાબતનું ૬૫(બી) નું કોઈ સર્ટીફીકેટ મેળવેલ નથી. ત.ક.અમલદાર દ્વારા આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ મોબાઈલને પણ એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ નથી અને તેમાંથી એસ. એમ. એસ.અને ફોટા ભોગ બનનારના મોબાઈલમાં મોકલવામાં આવેલ છે, તેવો કોઈ પુરાવો ત.ક.અમલદારે તપાસના કામે મેળવેલ નથી. તો.દાર પાસેથી તપાસના કામે કબજે લેવામાં આવેલ મોબાઈલના સીમ કાર્ડ નં.૭૦૯૬૮૦૮૭૭૫ આરોપીના નામનો ન હતો તેવું સ્પષ્ટ ત.ક.અમલદાર કબુલ કરે છે. વધુમાં એ પણ કબુલ કરે છે કે, આ મોબાઈલ નંબરનો ઉપયોગ તો.દાર કરતો હતો તે બાબતે પણ કોઈ નિવેદન લીધેલ નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પ્રોસીકયુશન દ્વારા ગુજરનાર મુદ્દામાલ આટીકલનં. ૧ વાળા મોબાઈલ નો ઉપયોગ કરતી હતી તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મો.નં. ૭૦૯૬૮૦૮૭૭૫ આરોપી ઉપયોગ કરતો હતો તે પણ પુરવાર થયેલ નથી. જે મેસેજ ત.ક.અમલદાર દ્વારા કબજે કરવામાં આવેલ છે, તે મેસેજ મુદ્દામાલ આર્ટીકલનં.૧ માંથી મળી આવેલા હોય તેવો એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ નથી. આરોપી દ્વારા જ આ મેસેજો કરવામાં આવેલા હોય તેવો પણ કોઈ પુરાવો પ્રોસીકયુશન દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. મુદ્દામાલ આર્ટીકલનં.૧ બનાવના બે–ત્રણ દીવસ બાદ મળી આવેલ હોવા છતાં, તા.૭–૮–૨૦૧૭ સુધી આ મોબાઈલની કસ્ટડી કોની પાસે હતી અને તેની સાથે શું ચેડાં કરવામાં આવેલ છે તે પણ એક શંકા ઉપજાવે, તેવી બાબત છે. ભોગ બનનારના માતાપિતા તથા ભાઈ સ્પષ્ટપણે કબુલ કરે છે કે, મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧

વાળો મોબાઈલનો ભોગ બનનાર વાપર ઉપભોગ કરતી હોય, તેવો કોઈ પુરાવો તેઓ દ્વારા આપવામાં આવેલ નથી પરંતુ ભોગ બનનારની જયાં (એન્ગેજમન્ટ)લગ્નની વાત કરવામાં આવેલી તે આંક.પ૯ ના સાહેદ પ્રેમકુમાર રમેશભાઈ રાવળનાઓ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, સગાઈની વાતચીત થયા બાદ ભોગ બનનારને મે ફોન લઈ આપેલ જેથી પ્રેમકુમાર રમેરશભાઈ રાવળ દ્વારા જે મોબાઈલ લઈ આપવામાં આવેલ તે મોબાઈલ બાબતે પ્રોસીકયુશન સાઈલેન્ટ છે અને તે મોબાઈલ બાબતે કોઈ વિગતો પ્રોસીકયુશનના રેકર્ડ ઉપર આવેલ નથી. જે પ્રોસીકયુશનના કેસ ઉપર શંકા ઉત્પન્ન કરે છે. જે ખરેખર હકીકતમાં ભોગ બનનાર તથા આરોપી જુદી જુદી જ્ઞાતિના હોવાથી તેઓનો પ્રેમ સંબંધ લગ્નમાં પરીવર્તીત થાય તેમ ન હોવાથી અને ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેના માતા પિતાએ તેના એન્ગેજમેૅન્ટ તેની જ્ઞાતિમાં કરાવેલ હોવાથી પણ ભોગ બનનારે આવુ પગલુ ભર્યું હોય તે નકારી શકાય તેમ નથી. આમ, રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપી વિરૂધ્ધ કોઈ જ હકીકત ફલિત થતી ન હોય આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

## (૯) <u>નિર્ણય માટેના મુદ્દાઓઃ</u>–

આમ,ઉપરોકત ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો, કાયદાની સંબંધીત જોગવાઇઓ જોતા તથા બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની ઉપરોકત રજુઆતોના આધારે આ અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે. :–

| | |
|---|---|
| નં.(૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા.૧૬/૦૭/૧૭ ની રાત્રીના કલાક ૨૧:૦૦ થી તા.૧૭/૦૭/૧૭ ના કલાક ૬:૩૦ દરમ્યાન મોજે: નેસ હનુમાનજી વાળા ફળીયામાં ફરીયાદીની મરણ જનાર દીકરી પારૂલબેન ઉવ.૧૮ નાની સગાઇ સંદેસર ગામે કરેલ હોઇ જેથી આ કામના આરોપીએ પારૂલબેનના લગ્ન ન થવા દેવા સારૂ સંદેસર ગામે ફરીયાદીના સાહેદ નં.૧૪ પ્રેમકુમાર રમેશભાઇ રાવળનાઓને |

| | |
|---|---|
| | અવાર–નવાર ફોન કરી જણાવેલ કે, પારૂલના લગ્ન તારી સાથે થવા નહી દઉ તેમ જણાવતા હોય, જેની જાણ મરણ જનારને થતાં મનમાં લાગી આવતાં તે મરવા માટે મજબુર થતાં પોતાની જાતે પોતાના ઘરની બાજુની ઓરડીમાં ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી મરણ ગયેલ અને તે અંગે આરોપીએ દુષ્પ્રેરણ કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે? |
| **નં.(૨)** | શું હુકમ ? |

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણો સહીત નીચે મુજબ છે. :–

| | |
|---|---|
| **નં.(૧)** | **' ન કારમાં '** |
| **નં.(૨)** | **આખરી હુકમ મુજબ.** |

**–:: કારણો :–**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

**(૧૧)** આમ,ઉપરોકત મુદ્દા અંગેના કારણોની ચર્ચા કરતાં પહેલા ફરીયાદપક્ષે રેકર્ડે રજુ સમગ્ર પુરાવો જોવામાં આવે તો, ફરીયાદપક્ષ એવા કેસ સાથે આવેલ છે કે, બનાવ સમયે,સ્થળે અને તારીખે, ફરીયાદીની મરણ જનાર દીકરી પારૂલબેન ઉવ.૧૮ નાની સગાઇ સંદેરસ ગામે કરેલ હોઇ જેથી આ કામના આરોપીએ પારૂલબેનના લગ્ન ન થવા દેવા સારૂ સંદેરસ ગામે ફરીયાદીના સાહેદ નં.૧૪ પ્રેમકુમાર રમેશભાઇ રાવળનાઓને અવાર–નવાર ફોન કરી જણાવેલ કે, પારૂલના લગ્ન તારી સાથે થવા નહી દઉ, તેમ જણાવતા હોય, જેની જાણ મરણ જનારને થતાં મનમાં લાગી આવતાં તે મરવા માટે મજબુર થતાં પોતાની જાતે પોતાના ઘરની બાજુની ઓરડીમાં ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી મરણ ગયેલ છે. સદર ગુના કામે ભોગ

બનનારના મરણ ગયાના ત્રણ દીવસ બાદ ભોગ બનનાર જે બંધ ઓરડીમાં ગળે ફાંસો ખાધેલ તે ઓરડીમાંથી મળેલ સફેદ કલરનો મુદ્દામાલ મોબાઇલ તથા આરોપીની શરીર સ્થીતીના પંચનામા વખતે આરોપી પાસેથી કાળા કલરનો મોબાઇલ સદર કામેથી કબજે થયેલ છે,વિગેરે  સંજોગો આધારે હાલના કેસના કામેથી ચાર્જશીટ થયેલાનું જણાય છે.ઉપરોકત ફરીયાદ હકીકત સંબંધે આ આક્ષેપીત ગુના સંબંધે આ કામે ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામાં આવે તો,

**<u>પુરાવો :–</u>**

**<u>પી.એમ.કરનાર તબીબ સાહેદનો પુરાવો :</u>**

(૧૨) ફરીયાદપક્ષે **આંક:૨૧** થી તબીબ સાહેદ **:ડો.અલ્પેશ ચંદ્રકાંતભાઇ વાઘેલા (પી.ડબલ્યુ.નં.૧)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ગત તા.૦૯/૦૮/૨૦૧૭ ના રોજ ફોરેન્સિક મેડિસિનના ટ્યુટર તરીકે બી.જે. મેડિકલ કોલેજ અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા તે દરમિયાન પારૂલબેન રાજેશભાઈ રાવળ, ઉં.વ. ૧૮, રહે. હનુમાનજીનું ફળિયું, ગામ: નેસ, તા. ઠાસરા, જી. ખેડા નાઓની લાશનું પી.એમ. થવા સારૂ સીની. પો.સ.ઈ. એચ.જે. ઠાકોર, ડાકોર પો. સ્ટેશન યાદી સાથે લાવવામાં આવેલ જે અસલ યાદી આંક–૨૨ થી રજૂ કરી ગયા છે. તેઓએ અને તેમના પેનલ ડોક્ટરોએ તે જ દિવસે તા. ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ સાંજે ૦૫:૨૫ કલાકે શબ પરીક્ષણ શરૂ કરેલ અને તે જ દિવસે સાંજે ૦૭:૪૫ કલાકે શબ પરીક્ષણ પૂર્ણ કરેલ. બાહ્ય પરીક્ષણમાં એક ઓળખાયેલ સ્ત્રી ઉં.વ. આશરે ૧૮ નાઓનો મૃતદેહ એક કાળા રંગની પ્લાસ્ટિકની સીટ, છાપા, એક લીલા રંગની સાડી, એક લીલા અને કાળા રંગની સાડીમાં લપેટેલો મળેલ. મૃતદેહ પર એક ક્રીમ અને મરૂણ રંગનો કુર્તો, એક ગુલાબી રંગનો પાયજામો અને એક મરૂણ રંગનો ચણીયો પહેરેલ હાલતમાં હતો. શરીર પરના

તમામ કપડાં અને મૃતદેહ ઉપર માટી અને સફેદ રંગનું મીઠા જેવો પદાર્થ ચોંટેલો હતો. બંને કાનની બૂટમાં એક પીળા ધાતુની ડાયમંડ જડેલી બૂટ્ટી હતી, નાકમાં પીળા રંગની ધાતુની ચૂની હતી. માથાના વાળમાં એક જાંબલી રંગની ટીકટેક હેરપિન અને એક કાળા રંગની હેરપિન હતી. બંને હાથની અનામિકા આંગળીમાં એક પીળી ધાતુની વીંટી હતી. મૃતદેહની સાથે એક રૂપિયાનો સિક્કો મળેલ હતો. વિશેષમાં જણાવે છે કે, શરીરના માથાના પાછળના ભાગે અને બંને પગના ભાગે ચામડી અને મૃદુ પેશીઓ હાજર ન હતી અને તેની નીચેના હાડકાં દેખાતા હતા. હાજર જગ્યાઓની કિનારી અનિયમિત અને આછી હતી. મૃતદેહની કુલ લંબાઈ ૧૫૮ સે.મી. હતી. તેમજ મૃતદેહના પી.એમ. નોટમાં પાના નં. ૨ ઉપર દર્શાવેલ વિગતો અનુસાર જુબાની આપેલ છે અને જણાવેલ છે કે,સદરહું મૃતદેહના ડેન્ટલ ચાર્ટ મુજબના દાંત હતા, મૃતદેહ ઠંડો હતો, મૃતદેહ સડી રહેલો હોવાના કારણે તેના બાંધા અને પોષણ વિશે અભિપ્રાય આપી શકાય નહીં. શરીરની અકડાઈ જવાની ક્રિયા પસાર થઈ ગયેલ હતી. વધુમાં જણાવે છે કે, મૃતદેહ સડી રહેલ હતો દુર્ગંધ મારતો હતો. સડવાના કારણે પોસ્ટમોર્ટમ લીવીડીટી વિશે અભિપ્રાય આપી શકાય નહીં. શરીરની જુદી જુદી જગ્યાએથી ચામડી નીકળી ગયેલ હતી. આખા શરીર પર જુદી જુદી જગ્યાએ બદામી પડતા કાળા રંગના ડાઘ હતા. શરીરના તમામ વાળ સહેલાઈથી ખેંચી શકાય તેમ હતા. દાંત ઢીલા થઈ ગયેલ હતા. ચહેરાની લાક્ષણિકતાઓ ઓળખી શકાય તેમ ન હતી. મુખ અર્ધખુલ્લું હતું. જીભ બહાર આવી ગયેલ હતી, જે નરમ કાળી થઈ ગયેલ અને સડી રહેલ હતી. બંને આંખના ડોળા નરમ થઈ ગયેલ અને પોચા થઈને સડી રહેલા હતા. મુખ, નાક અને બંને કાનમાંથી કોઈપણ પ્રકારનું પ્રવાહી આવતું ન હતું. બાહ્ય જનેન્દ્રિયો પર કોઈ ઈજા શોધી શકાય ન હતી. બંને હાથ અને બંને પગ સામાન્ય રીતે સીધી અવસ્થામાં હતા. વધુ જુબાનીમાં તેઓ જણાવે છે કે,

મૃતદેહના ગળાની આગળની અને બંને બાજુ એક ૨૨ સે.મી. લાંબો સખત પાર્ચમેન્ટ જેવો બદામી રંગનો ફાંસાનો નિશાન ઉઝરડા સ્વરૂપે હતો. તે ગળાની પાછળની બાજુમાં અપૂર્ણ (in-complete) હતો. ફાંસાની નિશાનની પહોળાઈ જુદી જુદી જગ્યાએ ૨ થી ૩ સે.મી. હતી. ફાંસાની નિશાનની ઉપરની કિનારી, ગળાની આગળની બાજુ દાઢીથી ૧ સે.મી. નીચે, ગળાની બંને બાજુ નીચેના જડબાના એંગલની જરાક નીચે, ગળાની ડાબી બાજુ ડાબા માસ્ટોઈડથી ૪ સે.મી. નીચે અને ગળાની જમણી બાજુ જમણા માસ્ટોઈડથી ૩ સે.મી. નીચે હતી. ફાંસાની દિશા ત્રાસી ઉપરની તરફ હતી. શરીર પર કોઈ ફ્રેક્ચર ન હતું. ઉપર દર્શાવેલ ઈજા <u>મૃતદેહ સડી રહેલ હોવાને કારણે મૃત્યુ પહેલાની છે કે મૃત્યુ પછીની તેના વિશે અભિપ્રાય આપી શકાય નહીં.</u> વધુમાં જણાવે છે કે,આંતરિક પરીક્ષણ મૃતદેહ સડી રહેલ હોવાને કારણે ગળાના ભાગે કોઈ ઈજા ઓળખી શકાય ન હતી. હાયોઈડ બોન અને થાયરોઈડ કાર્ટિલેજ અકબંધ હતા. ગળાના મણકા એકબીજાથી છૂટા પડી ગયેલ હતા. શરીરના **તમામ આંતરિક અવયવો નરમ પોચા અને સડી રહેલ હતા.** તેઓએ શબ પરીક્ષણ દરમિયાન પી.એમ. નોટમાં દર્શાવ્યા મુજબ કુલ ૧૫ નમૂના એફ.એસ.એલ. તપાસ અર્થે બરાબર લઈ સાચવી એ.એસ.આઈ. શ્રી ભૂપતસિંહ ચંદુભાઈ, બ.નં. ૧૩૨૩, ડાકોર પો. સ્ટેશન નાઓને સોંપેલ. સદર તબીબ સાહેબ <u>આંક-૨૩</u> થી તેઓએ <u>લાશ પરથી લીધેલ નમૂના એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલેલ તેની યાદી</u>ની સ્થળપ્રત રજૂ કરી ગયા છે. તેઓએ શબ પરીક્ષણ બાદ એફ.એસ.એલ. રીપોર્ટ આવે નહીં ત્યાં સુધી **મોતનું કારણ મુલતવી રાખેલ હતું. જેનું સર્ટી. આંક-૨૪** થી રજૂ કરી તેમાં પોતાની તથા પેનલ ડોક્ટરોની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર સાહેદ **આંક-૨૫ થી પી.એમ. નોટ** રજૂ કરી તેમાં પોતાની તથા પેનલ ડોક્ટરોની સહી હોવાનું ઓળખી બતાવે છે.

તેમજ **આંક–૨૬ થી અભિપ્રાય** રજૂ કરી તેઓએ એફ.એસ.એલ. ના રીપોર્ટ આવ્યા બાદ તે તમામ રીપોર્ટ અને પી.એમ. નોટ ધ્યાને લઈ તા. ૧૧/૧૨/૨૦૨૩ ના રોજ **મૃત્યુ અંગેનો અંતિમ અભિપ્રાય** આપેલ તથા મરણ જનાર પારૂલબેન રાજેશભાઈ કાંતિભાઈ રાવળ, ઉં.વ. ૧૮ નાઓના મૃત્યુ અંગે કોઈ ચોક્કસ અભિપ્રાય આપી શકાય તેમ ન હોવાનું તથા સાંયોગિક પુરાવા ધ્યાને લેવા જણાવી ગયા છે. પી.એમ. નોટના કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ફાંસાની ઈજા કોઈ વ્યક્તિ જાતે ગળે ફાંસો ખાવાથી થઈ શકે તેવી ઈજા છે.

**(૧૨.૧)** જયારે,સદરહું ડોકટરની <u>આરોપી તરફે ઉલટ તપાસ</u> જોતા, તેમાં તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ શબ ડીકંમ્પોઝ હાલતમાં તેમની સમક્ષ આવેલ હોવાથી આ ઈસમના અવસાનનું કારણ તેઓ ચોકકસ રીતે આપી શકે નહીં તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, આ શબનું થાઈરોઈડ કાર્ટીલેજ તુટેલ હાલતમાં ન હતું તેમજ આ કીસ્સામાં હેન્ગીંગ સીવાયનું પણ મૃત્યુ નું કારણ હોઈ શકે.

**(૧૨.૨)** આમ,ઉપરોકત ફરીયાદપક્ષે તપાસેલ મરણ જનારના શબનું પી.એમ. કરનાર ડોકટરની જુબાની જોતા, સદરહું મરણ જનારનું જે પોષ્ટ મોર્ટમ કરવામાં આવેલ હતું તે નિયમોનુસારનું પી.એમ. કરતી વખતે અને તે બાદ જે અભીપ્રાય આપવો પડે,તેને આપી શકાયેલ નહી, તેવું સ્પષ્ટપણે જણાવે છે અને મૃત્યુનું ચોકકસ કારણ સંબંધે સાંયોગિક પુરાવાનો આધાર લેવા તેઓ જણાવે છે અને સદરહું ફરીયાદપક્ષે તપાસાયેલ સ્વતંત્ર અને મહત્વના કહી શકાય તેવા સાહેદ મરણ જનારનું શબ તેમની સમક્ષ ડીકમ્પોઝ હાલતમાં આવેલાનું અને જેના કારણે અવસાનનું કારણ તેઓ ચોકકસરીતે આપી શકે નહી, તેમ જણાવે છે. આમ, ફરીયાદપક્ષે

રજુ થયેલ સદરહું ડોકટર સાહેદના પુરાવાથી મૃત્યુનું ચોકકસ કારણ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**ફરીયાદી : મરણ જનારના પિતાનો પુરાવો :–**

(૧૩) ફરીયાદપક્ષે **સાહેદ નં.૨** તરીકે **રાજેશભાઈ કાંતીભાઈ રાવળ**ને **આંક:૩૭** થી સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓને સંતાનમાં ચાર બાળકો હતા. તેમાં મરણ જનાર પારૂલબેન દીકરીમાં બીજા નંબરની દીકરી હોવાનું જણાવે છે અને ત્યારબાદ તેઓ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકત મુજબની મહદ અંશેની હકીકત જણાવે છે અને જણાવે છે કે,તા. ૧૬/૦૭/૨૦૧૭ ના રોજ સાડા નવ વાગે જમી પરવારી ઘરમાં સુઈ ગયેલા તે સમયે તેઓ ઘરની ઓસરીમાં સુઈ ગયેલ હતા અને તેમના બાળકો અને પત્ની ઘરની અંદર રૂમમાં સુઈ ગયેલ હતા અને બીજા દિવસે સવારે સાડા છ વાગ્યાના સુમારે તેમના પત્ની હીનાબેને જણાવેલ કે, મરણ જનાર તેમની દીકરી પારૂલબેન જેઓ તેની બાજુમાં સુતેલા હતા તે જોવા મળેલ નથી, જેથી તેમના ઘરની બાજુમાં એક ઓરડી આવેલ ત્યાં જોતા તેમની દિકરી પારૂલનાઓ દુપટ્ટાથી તે ઓરડીમાં લાકડાના મોભે લટકેલી હાલતમાં જોવા મળેલ અને તે મરણ ગયેલ હાલતમાં હતી. જેથી તેની લાશ તેઓએ નીચે ઉતારી ઘરના આંગણામાં રાખેલી અને ત્યારબાદ સમાજના લોકોને જાણ કરેલ અને સમાજના લોકો આવતા તેમના સમાજમાં કોઈ મૃત્યુ પામે તો દફનવીધી કરવામાં આવતી હોય તેમની દિકરીની લાશની દફનવિધિ સ્કૂલની પાછળ આવેલ સ્મશાનમાં દફનવિધિ કરાવેલ. વધુમાં તેઓ જણાવે છે કે, ત્યારબાદ તેમની દિકરીની દફનવિધિ બાદ પાંચેક દિવસ તેની વિધિ રાખેલ ત્યારબાદ તેમની દિકરીએ જે જગ્યાએ ફાંસો ખાધેલ હોય તે ઓરડીમાં સાફસફાઈ કરતા ઓરડીમાંથી એક સફેદ કલરનો મોબાઈલ મળેલ તે મોબાઈલ જોતા તેમાં તેમના ગામના સાહેદ :તાહીર રફીક વ્હોરાનો ફોટો હતો અને મોબાઇલમાં ધમકીભર્યા

મેસેજ હતા, જે મેસેજમાં તારા કોઈ સંજોગોમાં લગ્ન નહીં થવા દઉ અને તે સિવાય બીજા ધમકીભર્યા મેસેજો હતા, જે મેસેજો તાહીર વ્હોરાનાઓએ તેમની દિકરીને કરેલ હતા. તેમની દિકરીની સગાઈ સંદેસર ગામે રહેતા પ્રેમકુમાર રમેશભાઈ રાવળ સાથે કરેલ હતી અને આ મેસેજોના કારણે તેમની દિકરીએ ગળાફાંસો ખાધેલ હતો, જેથી તેઓએ ડાકોર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપેલાનું જણાવી, સદર ફરિયાદી **આંક–૩૮** થી **ફરિયાદ** રજૂ કરી તેમાં ફરિયાદી તરીકેની પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. ત્યારબાદ તેમની દિકરીની લાશ લગભગ તા. ૨૦/૦૭/૨૦૧૭ ના રોજ કાઢેલી તે સમયે મામલતદાર સાહેબ અને બીજા પોલીસવાળા હાજર હતા અને લાશ કાઢ્યા બાદ અમદાવાદ પી.એમ. માટે મોકલેલ. તેમની દિકરીની લાશનું પી.એમ. થયા બાદ લાશ તેઓને સોંપેલ. તેમની દિકરીની લાશનું પી.એમ. થયા બાદ તેની દફનવિધિ કરાવેલ. વધુમાં સદર ફરિયાદી **આંક–૩૯** થી તેમની **દિકરીની લાશ સોંપ્યાની પહોંચ** રજૂ કરી તેમાં લાશ સ્વીકારનાર તરીકેની પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર ફરિયાદીને મુદ્દામાલ આર્ટિકલ નં. ૧ વાળો ફોન બતાવવામાં આવતા તે મોબાઈલ ફોન તેમના ઘરની પાસે આવેલ ઓરડીમાંથી મળેલ તે તે જ હોવાનું તથા આરોપીને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૩.૧)** જયારે,બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** તેઓ એ સ્વીકારે છે કે, તેમની દીકરીએ ગળા ફાંસો તા.૧૬/૭/૨૦૧૭ ના રોજ ખાધેલ જયારે, ફરીયાદ તેઓએ તા. ૧૦/૦૮/૨૦૧૭ ના રોજ આપેલ. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, જે તે સમયે તેમની દિકરીના લગ્ન માટે માંગા આવતા હતા. એ વાત ખરી છે કે,તેઓ જે આરોપી જણાવે છે તેને ઓળખી બતાવે છે અને તેમના ઘરેથી આરોપીના ઘરે જતા પંદર મીનીટ લાગે અને તેમની મરણ જનાર દીકરી ભણતી હતી અને કમાતી ન હતી અને તેઓ જે સફેદ

મોબાઇલ ઓળખી બતાવે છે તે તેઓએ આપેલ ન હતો અને તે મોબાઇલ તેમની દીકરી ઘરમાં વાપરતી ન હતી અને તેનો ઉપયોગ કરતા પણ જોયેલ ન હોવાનું, તેમજ ઘરના સભ્યો સામે પણ તેમની દીકરી આ મોબાઇલનો ઉપયોગ કરતી હોય તેવું જાણેલ નહી, તેમજ તેમની દીકરીએ આ મોબાઇલ વિશે ઘરના કોઇપણ સભ્યને જાણ કરેલ નહી, અને આ મોબાઇલ તેઓએ ત્રણ દીવસ પછી જોયેલ અને જે જગ્યાએ ગળે ફાંસો ખાધેલ તે મકાન તેમના ઘરની બાજુનું મકાન છે અને જે જગ્યાએ ગળે ફાંસો ખાધેલ તે ઓરડીમાં ઘણા લોકો આવ જા કરતા હતા અને બનાવના દીવસે પણ ફળીયાના ઘણા લોકો ત્યાં આવેલા અને તે ઓરડીનો ઉપયોગ તેઓ દરરોજ કરતા ન હતા. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, તેમની દીકરી જીવીત હતી ત્યાં સુધી તેઓએ કે તેમના ઘરના લોકોએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલ નહી. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, તેઓ જે મુદામાલ આર્ટીકલ ઓળખી બતાવે છે તે બજારમાં ઘણાબધા મળી રહે તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, તેમની મરણ જનાર દીકરીને આરોપી તાહીર સાથે કોઇપણ જાતના સંબંધ હોય તેની માહીતી તેમને કે તેમના ઘરના લોકોને હતી નહી તેમજ જે મોબાઇલ ઓળખી બતાવેલ છે તે તેમને મળેલ નહી પરંતુ, તેમના પત્નીને મળેલ તેમજ તે મોબાઇલ અગાઉ કોણ વાપરતું હતું તે તેમને કે તેમના ઘરના સભ્યોને જાણ ન હતી. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, મોબાઇલ મળી આવતા તેઓએ શંકાના આધારે આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ આપેલ છે તેમજ તેમની મરણ જનાર દીકરીનું સગપણ તેમના સમાજના કોઇ છોકરા સાથે કરેલ હતું, જે સગપણ આ બનાવના પંદરેક દીવસ અગાઉ કરેલ હતું.

**(૧૩.૨)** આમ,ઉપરોકત ફરીયાદપક્ષે તપાસાયેલ સદરહું ફરીયાદી: રાજેશભાઇ રાવળની કોર્ટ રૂબરૂની સરતપાસ તથા ઉલટ તપાસ

જોતા, બનાવ બન્યા તારીખ અને ફરીયાદ કર્યા તારીખ જોતા આશરે પચીસેક દીવસ બાદ ફરીયાદ આપેલાનું અને આટલી મોડી ફરીયાદ કેમ આપેલ તે સંબંધે કોઇ સ્પષ્ટ ખુલાસો કરેલ નથી, તેમજ બનાવ બન્યા બાદ ફરીયાદીના જણાવ્યા પ્રમાણે પાંચેક દીવસ બાદ આ મોબાઇલ મળેલ તો તે બાદ પણ ફરીયાદ કેમ ન કરેલ, તે બાબતે પણ કોઇ ખુલાસો કરેલ નથી તેમજ મળેલ મોબાઇલ ચોકકસ કોનો હતો અને તે જગ્યાએ કેવી રીતે આવેલ,તેની પણ કોઇ તપાસ કરેલ નહી તેમજ સદર મોબાઇલ પોલીસને આપીને કોઇ ઔપચારીક તપાસ કરાવેલ હોય તેવું પણ જણાવતા નથી. આમ, સદરહું ફરીયાદીની ફરીયાદ તથા કોર્ટ રૂબરૂની જુબાની જોતા બંને હકીકતો વિરોધાભાસી જણાય આવે છે, તેમજ ઉલટ તપાસમાં પણ સ્પષ્ટપણે જણાવે છેકે, તેઓએ કોઇ દીવસ તેમની દીકરીને આ મુદ્દામાલ આર્ટીકલવાળો મોબાઇલ વાપરતા જોયેલ નહી. આમ, સદરહું ફરીયાદીનો સમગ્ર પુરાવો જોતા પણ ફરીયાદીની ફરીયાદ પરત્વે શંકા ઉદ્ભભવે તેવી વિગતો જણાય આવે છે.

<u>મરણ જનારના ભાઈનો પુરાવો :–</u>

(૧૪) ત્યારબાદ, ફરિયાદપક્ષે **સાહેદ નં.૩ આંક–૩૯ થી** તપાસાયેલ **સાહેદ ચિરાગકુમાર રાજેશભાઈ રાવળ**ને તપાસેલા છે. તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં મહદઅંશે તેઓ પોલીસ રૂબરૂના નિવેદનની તથા ફરીયાદને સમર્થનકારક જુબાની આપવાનો પ્રયત્ન કરેલ છે અને જણાવેલ છે કે, તેઓ કુલ ચાર ભાઈ–બહેન છે અને તેમની મરણ જનાર બહેન બીજા નંબરની બહેન હતી અને તેઓએ પણ ફરીયાદીની જેમ ગઈ તા. ૧૬/૦૭/૨૦૧૭ ના રોજ સાંજના નવેક વાગે જમી પરવારીને ઘરના બધા ઘરમાં સુઈ ગયેલા અને બીજા દિવસે સવારે તેમની મરણ જનાર બહેન ગળામાં દુપટ્ટો નાંખી મોભે લટકતી હાલતમાં બનાવ સ્થળે જોવા મળેલાનું

જણાવે છે અને ત્યારબાદ આ તેમની મરણ જનાર બહેનને નીચે ઉતારેલ અને તેને જોતા તે મરણ ગયેલ હાલતમાં હતી અને ત્યારબાદ તેમના સગાવહાલાઓને ભેગા કરી તેમની બેનની લાશની દફનવિધિ સ્કૂલની પાછળ જ્યાં તેમના સમાજનું સ્મશાન છે ત્યાં કરેલાનું જણાવે છે કારણકે, તેમના સમાજમાં કોઈ માણસ ગુજરી જાય તો તેની દફનવીધી કરે છે. તેમજ તેઓ જણાવે છે કે, તા.૨૦/૦૭/૨૦૧૭ ના રોજ બનાવ સ્થળેથી તેમની માતા સાફસફાઈ કરતા હતા ત્યારે રેતીના ઢગલામાંથી એક સફેદ રંગનો મોબાઈલ ફોન તેમની માતાને મળી આવેલ અને તેણીએ તેમને બતાવેલ અને તેઓએ તે ફોન ચાલુ કરી જોતા તેમાં ફોટા તથા એસ.એમ.એસ. જોતા તે ફોટા તથા એસ.એમ.એસ. તેમના ગામના **તાહીર રફીક વ્હોરાના હતા,**તેણે કયા નંબરથી મોકલેલ તે હાલ યાદ ન હોવાનું તથા ત્યારબાદ તેઓએ આ ફોન તથા ફોટા અને એસ.એમ.એસ. તેમના પિતાને બતાવેલ તેમ જણાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેમની બેન પારૂલની સગાઈ સંદેસર ગામે રહેતા પ્રેમકુમાર રમેશભાઈ રાવળ સાથે થયેલાનું અને તેઓને પણ આ બનાવ અંગે જાણ કરેલ જેથી તેમના બનેવી પ્રેમકુમારે તેમના પિતાને જણાવેલ કે,આ નંબર પરથી તાહીરનાઓ અવારનવાર ફોન કરીને જણાવતા હતા કે તેઓ પારૂલના લગ્ન તારી સાથે નહીં થવા દઉ, તેવું તેમના બનેવીને જણાવતા હતા અને તેમની બહેને આ તાહીર રફીક વ્હોરાના કારણે મનમાં લાગી આવતા આત્મહત્યા કરેલાનું જણાવે છે અને જેથી તેમના પિતાએ આ તાહીર રફીક વ્હોરાનાઓ વિરુદ્ધ ડાકોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ. સદર સાહેદને મુદ્દામાલ આર્ટિકલ નં. ૦૧ વાળો સફેદ મોબાઈલ બતાવવામાં આવતા તે તે જ મોબાઈલ હોવાનું ઓળખી બતાવે છે. પોલીસે બનાવ સંબંધે તેમની પૂછપરછ કરી નિવેદન નોંધેલાનું જણાવે છે તેમજ સદર સાહેદ આરોપીને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૪.૧)** જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમની મરણ જનાર બહેન તા.૧૬.૦૭.૨૦૧૭ ના રોજ ગળે ફાંસો ખાઇને ગુજરી ગયેલ જેની સગાઇ સંદેસર મુકામે કરવામાં આવેલ તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, બનાવના ચોકકસ કેટલા દીવસ પછી પોલીસ આવેલ તે યાદ નથી તેમજ તેમની બહેન મોબાઇલ વાપરતી હોય તેની તેમને જાણ નથી કે તેણીને મોબાઇલ ઉપર વાત કરતા પણ જોયેલ નહી કે તેમના ઘરવાળાઓએ પણ તેમની બહેનને આવો કોઇ મોબાઇલ લઇ આપેલ નહી. સદરહું ફોન સાદો હોવાનું જણાવે છે તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે,આ મોબાઇલ ઉપર ફોટા કઇ રીતે આવેલા તે જાણતા નથી તેમજ તેઓ એ પણ જણાવે છે કે,તેમની મરણ જનાર બહેનને તાહીર સાથે પ્રેમ સંબંધ હોવાનું તેમને ખબર નથી.

**(૧૪.૨)** આમ,ફરીયાદપક્ષે મહત્વના અને ફરીયાદીની ફરીયાદ અનુસાર બનાવ સ્થળેથી જે મોબાઇલ ફોન મળેલો અને તેને ચાલુ કર્યા બાદ પ્રથમ વખત તેઓએ મોબાઇલમાં જે વિગતો એટલે કે આરોપીનો ફોટો તથા એસ.એમ.એસ.જોયેલ તે સંદર્ભે ફરીયાદીથી વિરોધાભાસી હકીકતો જણાવે છે અને તેઓ એ પણ સ્વીકારે છે કે,સદરહું મોબાઇલ તેમની બહેન પાસે કેવી રીતે આવેલ અને સદરહું મોબાઇલ તેમની બહેનને વાપરતા તેઓએ કોઇ દીવસ જોયેલ નહી તેમજ સદરહું સાહેદને મોબાઇલ મળતા તેઓએ તે ફોન તથા એસ.એમ.એસ.તેમના પિતાને બતાવેલ હોવાનું જણાવે છે. જયારે, આંક:૩૭ થી તપાસાયેલ ફરીયાદી: રાજેશભાઇ કાંતીભાઇ રાવળ તેમના પુરાવામાં સદરહું ફોન તેઓને તેમના દીકરાએ બતાવેલ હોય તેવી કોઇ વિગત જણાવતા નથી. આમ,સદરહું સાહેદ ફરીયાદીથી વિપરીત હકીકતો જણાવે છે. આમ,સદરહું સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ થયેલ ફરીયાદ પરત્વે શંકા ઉદ્‌ભવે તેવી હકીકતો રેકર્ડે આવેલ છે.

<u>**મરણ જનારના માતાનો પુરાવો :-**</u>

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૪** તરીકે **હીનાબેન રાજેશભાઈ રાવળ**ને **આંક:૪૧** થી સોગંદ પર તપાસેલ છે. જેઓ મરણ જનારના માતા થાય છે. સદરહું સાહેદ તેમના પતિ રાજેશભાઈ તથા દીકરા ચીરાગભાઈના જણાવ્યા મુજબની હકીકતો સરતપાસમાં જણાવે છે અને તેઓ ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે. તેઓને બનાવના ર-૩ દીવસ બાદ બનાવ સ્થળેથી સાફ-સફાઈ કરતા સદરહું સફેદ કલરનો જે મોબાઈલ મળેલો અને જે આધારે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલ છે, તે મોબાઈલ શોધનાર સાહેદ છે અને તેઓ પણ તેમની સરતપાસમાં ફરીયાદપક્ષને સમર્થનકારક જુબાની આપવાનો પ્રયત્ન કરેલ છે અને જણાવે છે કે, સદરહું મોબાઈલ તેમના દીકરાએ ચાલુ કરીને જોતા તેમાં તાહીરના ફોટા તથા તેના ધમકીભર્યા મેસેજો જોવા મળેલ. ત્યારબાદ તેઓએ મોબાઈલ રજુ કરી, તેમાં ફોટા તેમજ ધમકીભર્યા મેસેજ છે તેવી પોલીસને જાણ કરેલ. ત્યારબાદ તેમના પતિએ તાહીર વિરુદ્ધ ફરિયાદ આપેલ ત્યારબાદ મરણ જનાર દિકરીની દફનવિધિ કરેલ તે જગ્યાથી તેની લાશ ૨૨ દિવસ બાદ કાઢેલ અને તેનું પી.એમ. કરવામાં આવેલ અને ત્યારબાદ તેની ફરી દફનવિધિ કરવામાં આવેલાનું જણાવે છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમની મરણ જનાર દિકરીની સગાઈ સંદેસર ગામે રહેતા પ્રેમકુમાર નાઓ સાથે કરેલ હતી અને આ તાહીરનાઓએ તેમના થનારા જમાઈ પ્રેમકુમારને પણ ધમકી આપેલ હતી કે હું તને કોઈ સંજોગોમાં પારૂલ સાથે લગ્ન કરવા નહીં દઉ તેના કારણે તેમની મરણ જનાર દિકરીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરેલાનું જણાવે છે. તેમજ તેઓને મળેલ મુ.માલ આર્ટીકલ નં.૧ વાળો મોબાઈલ તથા આરોપીને ઓળખી બતાવે છે.

(૧૫.૧) જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ એ વાત સ્વીકારે છે કે,તેમની દીકરી તા.૧૬/૭/૨૦૧૭ ના રોજ ગળાફાંસો ખાધેલ હતો, જયારે આ બાબતની ફરીયાદ તા.૧૦/૮/૨૦૧૭ ના રોજ આપેલ અને બનાવ બન્યાના ર–૩ દીવસ બાદ તેમની દીકરીએ જે રૂમમાં આત્મહત્યા કરેલી તે રૂમની સાફસફાઇ કરવા ગયેલ ત્યારે મોબાઇલ મળેલ અને આ મોબાઇલમાં ફોટા કયાંથી આવેલા તેની ખબર નથી અને આ મોબાઇલ તેઓએ તેમની દીકરીને લઇ આપેલ નહી અને આ મોબાઇલ મળેલતે પહેલા તેઓએ કયારેય તેમની દીકરી પાસે જોયેલ નહી અને આ મોબાઇલનો ઉપયોગ કોણ કરતું હતું તેની તેમને કોઇ માહીતી ન હતી અને ર–૩ દીવસ બાદ તેઓએ આ મોબાઇલ પોલીસને આપેલ. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, જે દીવસે મોબાઇલ પોલીસને આપેલ તે જ દીવસે ફરીયાદ કરેલી. તે પહેલા ફરીયાદ કરેલ નહી. તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, <u>તેમની દીકરી ગુજરી ગયાના ૩ માસ પહેલા તેણીનું સગપણ</u> નકકી કરેલું,જે છોકરો તેમના સમાજનો હતો. તેમજ મોબાઇલ મળ્યા બાદ તેમાં મળેલ મેસેજના આધારે તેઓએ હાલની ફરીયાદ કરેલ.તે સિવાય મહત્વની કોઇ હકીકત જણાવતા નથી.

(૧૫.૨) આમ,સદર સાહેદ કે જેઓને સાફ–સફાઇ કરતા મુ.માલ સફેદ કલરનો મોબાઇલ મળતા, હાલની ફરીયાદ કરવાનું કારણ ઉભું થયેલાનું જણાય છે. તેઓ પણ <u>બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં</u> આ મોબાઇલ તેમની દીકરી પાસે કેવી રીતે આવેલો, તેમજ આ મોબાઇલ તેમની મરણ જનાર દીકરી વાપરતી ન હોવાનું તથા બનાવ સ્થળે ર–૩ દીવસ બાદ સાફસફાઇ કરતા મળેલાનું જણાવે છે. <u>સદર સાહેદ તેમની મરણ જનાર દીકરીનું સગપણ તેણી ગુજરી ગયાના ત્રણ મહીના પહેલા કરેલાનું</u> જણાવે છે જયારે, <u>આંક:૩૭ થી તપાસાયેલ ફરીયાદી રાજેશભાઇ તેમની મરણ જનાર દીકરી ગુજરી ગયાના ૧૫ દીવસ અગાઉ સગાઇ</u>

<u>કરેલાનું જણાવે છે.</u> આમ,સદરહું સાહેદ તથા ફરીયાદી: રાજેશભાઇ કે જેઓ મરણ જનારના માતા–પિતા થાય છે, તેઓ પણ એકબીજાથી વિરોધાભાસી હકીકત જણાવતા હોવાનું જોઇ શકાય છે. આમ,સદરહું ફરીયાદપક્ષના સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની અને તેઓની બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસ જોતા, હાલના આરોપી ઉપર આક્ષેપિત કલમ અન્વયેનો ગુનો કરેલાની હકીકત શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલાનું જણાય છે.

**<u>ઇન્કવેસ્ટ પંચનામાના તથા લાશ જે જગ્યાએ દફનાવેલ તે જગ્યાના પંચસાહેદોનો પુરાવો :–</u>**

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૦૫ રાજેશભાઇ હરમાનભાઇ પટેલ**ને **આંક:૪ર** થી તથા **સાહેદ નં.૦૬ દીનેશભાઇ સોમાભાઇ રાવળ**ને **આંક:૪૫** થી તથા **સાહેદ નં.૭ વિમળાબેન હરમાનભાઇ પટેલ**ને **આંક:૪૬** થી સોગંદ પર તપાસેલા છે. આ ત્રણેય પંચસાહેદો ઇન્કવેસ્ટ પંચનામાના તથા મરણ જનારની લાશને જમીનમાંથી બહાર કઢાવેલ તે જગ્યાએથી માટી કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે. સદર પંચસાહેદો તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં <u>આંક:૪૩ તથા આંક:૪૪ થી અનુક્રમે ઇન્કવેસ્ટ પંચનામુ તથા લાશ સોંપ્યાનું અને લાશ જે જગ્યાએ જમીનમાં દફનાવેલ તે જગ્યાનું પંચનામું</u> રજુ કરી, તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે અને તેઓએ લાશ માત્ર એક સ્ત્રીની હોવાનું અને સદરહું પંચનામાની વિગતો જણાવતા ન હોય વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે અને તે બાદ ફરીયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં સદરહું પંચનામાને સમર્થનકારક હકીકતો કઢાવી શકેલ નથી. જયારે, <u>બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં</u> સદરહું પંચનામાના બંને પંચસાહેદો એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓ ફરીયાદી રાજેશભાઇ કાંતીભાઇ રાવળ તેમના ગામના હોય ઓળખે છે અને

સદરહું પંચનામામાં સહીઓ કર્યા સિવાયની બીજી કોઇ હકીકતો જણાવેલ ન હોય ફરીયાદપક્ષ ઈન્કવેસ્ટ પંચનામાની તથા દફનવિધી કરેલ હતી તે જગ્યાના પંચનામાની હકીકત પોતાના જ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી.

**મોબાઇલ કબજે કર્યાના પંચનામાના તથા આરોપીની શરીર સ્થીતીનું પંચનામું કરનાર પંચસાહેદનો પુરાવો :–**

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૮ પ્રકાશકુમાર પ્રભાશંકર પંડયાને આંક:૪૭** થી તપાસવામાં આવેલ છે. તેઓ મોબાઇલ ફોન કબજે કર્યાના તથા આરોપીની શરીર સ્થીતીના પંચસાહેદ છે. જેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં તેઓને ડાકોર પોલીસ સ્ટેશને બોલાવેલ અને તેમની સાથે ગુલાબસીંહ હાજર હોવાનું અને મરણ જનાર છોકરીની માતાને જે મોબાઇલ મળેલ તે કબજે કરવાનો હોય તે સંબંધેનું પંચનામું કરવાનું હોય તેવી સમજ આપતા તેઓએ સ્વખુશી બતાવેલ અને તેમના લખાવ્યા મુજબનું પંચનામું લખીલીધેલ. આંક:૪૮ થી ૫૧ સુધીનું પંચનામું તથા નીકળેલ પંચસ્લીપમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે અને ગુલાબસીંહની સહી પણ ઓળખી બતાવે છે.

(૧૭.૧) જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, આંક:૪૯ નું પંચનામું કરવા કઇ તારીખે બોલાવેલ તે યાદ નથી તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, તેઓ પોલીસ સ્ટેશનમાં ટીફીન વ્યવસ્થાનું કામ કરતા હોય પોલીસ પાસે તેઓનો નંબર છે. જેથી પોલીસે તેમને બોલાવેલ, પંચનામાની વિગતો તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નહી તેમજ તેઓની હાજરીમાં કોઇ મોબાઇલ સીલ થયેલ નહી તેમજ તેઓની રૂબરૂમાં સદરહું મોબાઇલ ઘરમાંથી મળેલ નહી, પોલીસે લખાણ કરેલ અને તેમાં તેમની સહીઓ લીધેલ.

(૧૭.૨) આમ,સદરહું પંચસાહેદની સરતપાસમાં ફરીયાદપક્ષે રજુ થયેલ આંક:૪૮ થી આંક:૫૧ ના દસ્તાવેજોને સમર્થન આપવાનો પ્રયાસ કરેલ છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદરહું પંચનામાની હકીકતો ખબર ન હોવાનું અને વિગતો યાદ ન હોવાનું જણાવે છે. આમ, સદરહું પંચસાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષ આંક:૪૯ ના પંચનામાની વિગતો પુરવાર કરી શકેલ ન હોવાનું જણાય છે.

<u>બનાવવાળી જગ્યાનું પંચનામું કરનાર પંચસાહેદનો પુરાવો :-</u>

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષના **સાહેદ નં.૦૯ બળવંતસીંહ પ્રભાતસીંહ ડોડીયા**ને **આંક:૫૨** થી તપાસેલ છે. જેઓ ગુનાવાળી જગ્યાના પંચસાહેદ છે. તેઓ તેમની સરતપાસમાં **આંક:૫૩** થી રજુ પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તે સિવાય બીજી કોઇ હકીકત જણાવતા ન હોય હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટ તપાસ કરતા તેઓએ સદરહું પંચનામાની હકીકતને સમર્થન કરેલ છે અને તે પ્રમાણે જુબાની આપેલ છે. જયારે,**બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં** તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ તથા કાભઇભાઇ બંને ત્યાં આગળ ઉભા હતા અને તેઓ બંનેની હાજરીમાં સહીઓ લીધેલ. તેઓ બંનેમાંથી કોઇએ પણ તેમના ઘરમાં પ્રવેશ કરેલ નહી અને પોલીસે તૈયાર લખાણ આપેલ અને તેઓએ બંનેએ તે લખાણમાં સહી કરેલ.

(૧૮.૧) આમ,સદરહું પંચસાહેદ ફરી ગયા બાદ પંચનામાને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તૈયાર લખાણમાં સહીઓ કરેલાનુંઅને બનાવવાળી જગ્યાએ ગયેલ ન હોવાનું જણાવે છે. આમ,સદરહું પંચસાહેદના પુરાવાથી પણ <u>આંક:૫૩ થી રજુ આરોપીની શરીર સ્થીતીના તથા મુ.માલ મોબાઇલ કબજે કર્યાનું</u> પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

<u>**નાયબ મામલતદાર, ઠાસરાનો પુરાવો**</u> **:-**

(૧૯) ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૦ સતદીપકુમાર કોહ્યાભાઇ રાઠોડને આંક:૫૫** થી તપાસેલા છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તા.૯/૮/૨૦૧૭ ના રોજ નાયબ મામલતદાર તરીકે ઠાસરામાં ફરજ બજાવતા હોય તે દરમ્યાન સબ ડીવીઝનલ મેજી. ઠાસરા નાઓએ તેઓને નેશ ગામે દફનાવેલ શબનું પરીક્ષણ કરાવવા હુકમ કરતા તેઓ નેસ પ્રાથમીક આરોગ્ય કેંદ્રના પાછળના ભાગે રાવલ સમાજના કબ્રસ્તાન વાળી જગ્યાએ ગયેલા અને ત્યાં તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી સ્વરૂપે જુબાની આપેલ છે અને ત્યાં ઈન્કવેસ્ટ પંચનામું કરવાનું હોય બે પુરૂષ તથા એક સ્ત્રીને હાજર રખાવેલાનું અને દફનાવેલ સ્ત્રીની લાશ કાઢી તેનું ઈન્કવેસ્ટ પંચનામું સ્થળ પર કરવામાં આવેલ. જે મરણ જનાર પારૂલબેન રાજેશભાઈ રાવળની હતી અને ઈન્કવેસ્ટ પંચનામા પ્રમાણેની વિગતો જણાવેલ અને આ કામે આંક:૪૩ વાળું ઈન્કવેસ્ટ પંચનામું તેઓના હસ્તાક્ષરમાં હોવાનું જણાવી તેઓના રૂબરૂ પંચોએ સહીઓ કરેલાનું જણાવી, તે પંચનામું તપાસ કરનાર અધીકારીને સુપ્રત કરેલાનું જણાવે છે. વધુમાં તેઓઆંક:૫૬ તથા આંક:૫૭ થી સીની. પી.એસ.આઈ. ધ્વારા પોલીસ સ્ટેશને કરેલ યાદી તથા સબ ડીવીઝન મેજી.ઠાસરા નાઓએ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. તેથી વિશેષ તેઓ કોઈ હકીકત જણાવતા નથી. જયારે, સદર સાહેદની જુબાની સંબંધમાં અગાઉ <u>આંક:૪૩ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદો</u> કે જેમાં રાજેશભાઈ હરમાનભાઈ પટેલને **આંક:૪૨** થી , દીનેશભાઈ સોમાભાઈ રાવળને **આંક:૪૫** થી તથા વિમળાબેન હરમાનભાઈ પટેલને **આંક:૪૬** થી તપાસેલા છે. જેઓ સદરહું ઈન્કવેસ્ટ પંચનામાને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી સદરહું સાહેદની જુબાનીથી પણ ફરીયાદપક્ષ ઈન્કવેસ્ટ પંચનામું ફરજના ભાગરૂપે કરેલાનું રેકર્ડ ઉપર લાવેલ છે. જયારે,

ફરીયાદપક્ષ પંચનામાની હકીકતો સ્વતંત્ર પંચસાહેદોના પુરાવાથી પણ પુરવાર કરી શકેલ નથી.

**<u>મરણ જનાર સાથે સગાઇ કરનાર સાહેદનો પુરાવો :-</u>**

(૨૦) ત્યારબાદ, ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૧, પ્રેમ કુમાર રમેશભાઇ રાવળને આંક:૫૯** થી તપાસેલ છે. જેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં સંદેસર કેનાલ આગળ તેઓ ગેરેજ ચલાવતા હોવાનું અને ૨૦૧૭ ની સાલમાં નેસ ગામના રાજેશભાઇ કાંતીભાઇ રાવળની મરણ જનાર દીકરી સાથે સગાઇની વાતચીત ચાલતી હોવાનું અને જેથી તેઓ મરણ જનારને જોવા ગયેલાનું અને તા.૧૭/૭/૨૦૧૭ ના રોજ બનાવ સ્થળે જેમની સાથે તેમની સગાઇ થવાની હતી તે રાજેશભાઇની દીકરીએ જુની ઓરડીમાં ફાંસો ખાધેલાનું જણાવે છે અને ત્યારબાદ તેઓ તથા તેમના ઘરના બીજા સભ્યો દફનવીધીમાં ગયેલા અને ત્યારબાદ મરણ જનારના ભાઇને મોબાઇલ મળેલાનું અને તેમાં ફોટા અને ફોનમાં મેસેજો મળેલાનું અને <u>આ મેસેજોમાં શું હતું, તે યાદ ન હોવાનું</u> અને વધુમાં જણાવે છે કે, મરણ જનાર સાથે સગાઇ થઇ ત્યારે તેમના મોબાઇલમાં ધમકીભર્યા ફોન આવતા હતા જેમાં ફોન કરનાર મરણજનાર સાથે લગ્ન કરીશ તો મારી નાખીશ અને તેઓને મરણ જનાર સાથે પ્રેમ સંબંધ હોવાનું તથા તેવું ફોન કરનાર તાહીર રફીક વ્હોરા કહેતા. વધુમાં સદર સાહેદ એ પણ જણાવે છે કે, તેઓને આ તાહીર સાથે રૂબરૂ મળવાનો પ્રસંગ બનેલ નહી અને તેથી વિશેષ કોઇ હકીકત જણાવતા નથી.

(૨૦.૧) જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, મરણ જનારના અવસાનના ત્રણ માસ પહેલાં તેમની સગાઇની વાત થયેલ અને ત્યારબાદ તેઓએ મરણ જનારને ફોન લઇ આપેલ, જે ફોન ઉપરથી મરણ જનાર તેઓની સાથે ઘણીબધી વાતો કરતી હતી તેમજ મરણ જનારે તેઓને <u>આવા કોઇ પ્રેમ સંબંધ બાબતે કોઇ વાત જણાવેલ નહી.</u> તેઓ એ પણ સ્વીકારે છે

કે, <u>તેઓ તાહીર વ્હોરાને કયારેય મળેલ નહી કે તેઓનો રૂબરૂમાં અવાજ પણ સાંભળેલ નહી.</u> તેમજ તેઓ એ પણ જણાવે છે કે, કોઈપણ વ્યકિત તેનું નામ દઈને ફોન પર વાત કરે તો ખરેખર ફોન પર કોણ વાત કરે છે, તેની જાણ થાય નહી. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે,તેઓ જે ફોન આવતા હોવાની વાત સ્વીકારે છે, તે સંબંધે મરણ જનારના માતા–પિતાને વાત કરેલ પરંતુ,એવું કહેલ નહી કે મરણ જનારને બીજા સાથે પ્રેમ સંબંધ છે, જેથી મરણ જનાર સાથે લગ્ન કરવા નથી. તેઓ એ પણ સ્વીકારે છે કે, દફનવિધીમાં તેઓ માતા–પિતા વિગેરે સાથે આવેલ તેમજ મરણ જનારને તેણી અવસાન પામેલ ત્યાં સુધી તેણીને બીજા સાથે પ્રેમ સંબંધ હોય લગ્ન કરવા નથી, તેવું જણાવેલ નહી. બનાવના પંદર–વીસ દીવસ બાદ પોલીસે જવાબ લીધેલો,તે પહેલા આ તમામ વિગતો તેઓએ કોઈની સામે જાહેર કરેલ નહી અને કોર્ટ રૂબરૂની જુબાની આપતા પહેલા ફરીયાદપક્ષના વકીલશ્રીને મળેલાનું જણાવે છે.વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, તેઓએ પોલીસ રૂબરૂના જવાબમાં ''ધમકીભર્યા ફોન આવતા હતા અને આરોપી તેઓને જો તું મરણ જનાર સાથે લગ્ન કરીશ તો તને મારી નાંખીશ''તેવી કોઈ હકીકત જણાવેલ નથી,તેવું જણાવે છે. આમ, સદરહું સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની જોતા,ફરીયાદી તથા અન્ય સાહેદોથી વિરોધાભાસી હકીકતો જણાવે છે તેમજ સદરહું આરોપીએ સરતપાસમાં ન જણાવેલ હકીકતો ઉલટ તપાસમાં જણાવે છે. આમ,સદરહું સાહેદની જુબાનીથી પણ આરોપી સામેનો આક્ષેપિત ગુના સંદર્ભે શંકા ઉભી થાય તેવી હકીકતો બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલા છે.

**<u>ગુનો નોંધનાર પોલીસ સાહેદનો પુરાવો :–</u>**

(૨૧) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૨,કૈલાષબેન રસીકલાલ શર્માને આંક:૬૦** થી તપાસેલા છે. જેઓ બનાવ સમયે ડાકોર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે હોય તેઓએ સીનીયર

પી.એસ.આઇ. રૂબરૂ ફરીયાદી: રાજેશભાઇ કાંતીભાઇ રાવળ નાઓએ ફરીયાદ આપેલ જે ફરીયાદ તેઓએ ફરજના ભાગરૂપે રજીસ્ટર્ડ કરેલાનું જણાવે છે તેથી વિશેષ કોઇ હકીકત જણાવતા નથી. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, ફરીયાદ ર૪ દીવસ મોડી હતી, અને ફરીયાદની સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા સિવાયની બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

**પ્રથમ ત.ક.અમલદારનો પુરાવો :–**

(૨૨) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૩, હર્ષદભાઇ જશભાઇ ઠાકોરને આંક:૬૩** થી તપાસેલા છે. જેઓ પોતાની કોર્ટ રૂબરૂની સરતપાસમાં આ ગુનાના કામે તેઓ ગુના સમયે ડાકોર પો.સ્ટેશનમાં સીનીયર પી.એસ.આઇ.તરીકે ફરજ બજાવતા હતા અને તા.૯/૮/૧૭ ના રોજ પારૂલબેન રાજેશભાઇ કાંતીભાઇ રાવળ નાઓ ગળે ફાંસો ખાઇ મરણ ગયેલ હોય અને સદરની દફનવીધી કરેલ હોય અને આ કામના ફરીયાદીને તા.ર૦/૭/૧૭ ના રોજ મરણ જનારે જે ઓરડીમાં ફાંસો ખાધેલો ત્યાંથી એક મોબાઇલ મળેલ તે આધારે આક્ષેપ કરતી અરજી આવેલ જેથી તે સંબંધે તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીના ભાગ તરીકે જુબાની આપેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેથી તા.૯/૮/૧૭ ના રોજ અકસ્માત મોત નં.૧૩/૧૭ નોંધી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ દફન કરેલી લાશને બહાર કાઢી અમદાવાદ સીવીલમાં ફોરેન્સીક પી.એમ. કરાવેલ તેમજ જરૂરી સેમ્પલ લઇ એફ.એસ.એલ. માં મોકલેલ, ત્યારબાદ તા.૧૦/૮/૧૭ ના રોજ ફરીયાદીએ ફરીયાદ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, મુદ્દામાલ મોબાઇલ રીકવર કરેલાનું તથા એફ.એસ.એલ.અધીકારીને ગુનાવાળી જગ્યાએ બોલાવી તેમનો અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ બાદ તપાસના કામે મરણ જનારની પી.એમ.નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ

સામેલ રાખેલ તેમજ આ ગુનાની તપાસ કરતા આરોપી મળી આવેલ જેથી તેઓની શરીર સ્થીતીનું તથા મોબાઇલ કબજે કર્યાનું પંચનામું સક્ષમ પંચોની રૂબરૂ કરી તેમજ ત્યારબાદ મોબાઇલની કોલ ડીટેઇલ કામમાં સામેલ રાખેલ,બાદ ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ સેમ્પલો એફ.એસ.એલ. ખાતે રવાનગી નોંધ ધ્વારા મોકલી આપેલ. બાદ તેમની બદલી અમદાવાદ ગ્રામ્ય ખાતે થતા ડાકોર ખાતે આર.કે.રાઠવા,સીની.પી.એસ.આઇ. હાજર થતા તપાસના કાગળો અને તપાસ તેઓને સુપ્રત કરેલાનું તેમજ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આંક:૩૮ થી રજુ ફરીયાદ તેઓને મળેલ તે હોવાનું તથા આંક:૪૩ થી રજુ ઇન્કવેસ્ટ પંચનામું તપાસના કામે મેળવેલ તે હોવાનું તથા આંક:૪૪,૪૯,૫૧ તથા ૫૩ વાળા પંચનામા તેઓએ પંચો રૂબરૂ કરેલ તે જ હોવાનું જણાવે છે તેમજ આંક:૨૫ ની પી.એમ.નોટ તથા આંક:૨૪ નું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ તેઓએ તપાસના કામે મેળવેલ, તે જ હોવાનુંજણાવે છે. વધુમાં સરતપાસમાં તેઓએ આંક:૬૪ થી મરણોત્તર ફોર્મ, આંક:૬૫ થી એફ.એસ.એલ.મોબાઇલ વાનનો અહેવાલ, આંક:૬૬ થી રવાનગી નોંધ,આંક:૬૭ થી ૭૧ સુધી આરોપીનું મેડીકલ સર્ટી, એફ.એસ.એલ. યાદી, એફ.એસ.એલ. પહોંચ, તેમજ આંક:૭૨ થી ૭૫ સુધી મોબાઇલમાં આવેલ મેસેજની ડીટેઇલ તથા મોબાઇલ ફોન ડીટેઇલ કઢાવેલ તે દસ્તાવેજો રજુ કરેલ છે. જયારે,આરોપીને ઓળખી બતાવે છે.

**(૨૨.૧)** જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે,ભોગ બનનારે ગળે ફાંસો તા.૧૬/૭/૨૦૧૭ ના રોજ ખાધેલો જયારે આ કામનોગુનો તા.૧૦/૮/૨૦૧૭ ના રોજ દાખલ થયેલ. એ વાત પણ સ્વીકારે છે કે,કોઇપણ વ્યકિતનું મૃત્યુ આ રીતે થયેલ હોય તો તેની પહેલી જાણ પોલીસને કરવાની આવે, ભોગ બનનારને દફનાવી દીધી પરંતુ જે તે સમયે પોલીસને જાણ કરેલી નહી, તા.૯/૮/૧૭ ના રોજ પોલીસ સ્ટેશને જાણ કરેલ. એ

વાતનો પણ સ્વીકાર કરે છે કે, આવા સંજોગોમાં થયેલ મોતની જાણ પોલીસને ના કરી હોય તો શંકા ઘરવાળા ઉપર જાય. એ વાતનો પણ સ્વીકાર કરે છે કે,જે એસ.એમ.એસ. કબજે કરેલા તે જોતા ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું પ્રાયમાફેસી જણાઈ આવે છે. એ વાત ખરી છે કે, જે મોબાઇલ કબજે કરવામાં આવ્યો તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે, મોબાઇલમાના આવેલ મેસેજ સાચા છે કે ખોટા છે તે જાણવા માટે મોબાઇલ એફ.એસ.એલ. માં મોકલવો જરૂરી છે. એ વાત ખરી છે કે, આ કામે તેઓએ ૬૫(બી) મુજબનું કોઇ સર્ટી. મેળવેલ નહી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તપાસ દરમ્યાન કબજે લીધેલ મોબાઇલના સીમકાર્ડનો નંબર ૭૦૯૬૮ ૦૮૭૭૫ આરોપીના નામે ન હતો.એ વાતનો સ્વીકાર કરેલ છે કે,તે સંબંધે કોઇ નિવેદન લીધેલ નથી પરંતુ, સદરહું મોબાઇલ નંબર આરોપી પાસેથી મળી આવેલ જેથી તે જ ઉપયોગ કરતો હતો, આરોપીના મોબાઇલમાંથી થયેલા મેસેજ મળી આવેલ ન હોય આરોપીએ ઈરેઝ કરી દીધેલ હોય તે સંભવ છે તેમજ તેઓ એ પણ સ્વીકાર કરે છે કે, મેસેજ ઈરેઝ કર્યા બાબતની માહીતી મેળવવા માટે મોબાઇલ એફ.એસ.એલ. માં મોકલવો જરૂરી છે, આવી કોઇ માહીતી મેળવવા માટે સદરહું આરોપીનો મોબાઇલ એફ.એસ.એલ.માં મોકલાવેલ નથી તેમજ આરોપી અને ભોગ બનનાર બંને જુદી જુદી જ્ઞાતિના હતા,તેવું તેમની તપાસમાં ખુલેલ છે.

(૨૨.૨) આમ,સદરહું ત.ક.અમલદારની જુબાની જોતા, સરતપાસમાં પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીની જુબાની આપેલ છે જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓએ જાતે જ સ્વીકારેલ છે કે, બનાવ બન્યો તે તારીખે નહી પરંતુ, તે બાદ આશરે પચીસેક દીવસ બાદ ફરીયાદ કરેલ છે તેમજ ફરીયાદની જે હકીકત છે,તે સંદર્ભે પ્રથમ જાણ પોલીસ સ્ટેશને કરવાની હોય

પરંતુ, તેવી કોઇ જ જાણ પોલીસ સ્ટેશને કરવામાં આવેલ નથી. જેથી આ મરણ જનારના આત્મહત્યા સંદર્ભે તેઓના ઘરવાળા પણ શંકાના ઘેરામાં આવી જાય તેમ છે. વધુમાં સદર ત.ક.અમલદાર જાતે જ સ્વીકારે છે કે, જે આધારે બનાવ સ્થળેથી મળી આવેલ મોબાઇલમાં મેસેજો તથા ફોટા આધારે હાલની ફરીયાદ દાખલ કરેલ પરંતુ તે મોબાઇલ એફ.એસ.એલ. માં મોકલી તે સંબંધેની કોઇ તપાસ તેઓએ કરેલ નથી તેમજ મળી આવેલ મોબાઇલમાં જણાય આવેલ સીમકાર્ડનો નંબર પણ આરોપીના નામે ન હતો. તેમજ તપાસ કરનાર અમલદાર જે કોલ ડીટેઇલના મેસેજો મળી આવેલાનું જણાવે છે, તે મોબાઇલને પણ તેઓએ એફ.એસ.એલ. માં મોકલેલ નથી તેમજ રજુ કરેલ કોલ ડીટેઇલ અંગેનું ૬૫(બી) નું સર્ટીફીકેટ પણ રજુ કરેલ નથી. આમ, ત.ક.અમલદારની તપાસમાં શંકા ઉદ્ભવે તેવી હકીકત રેકર્ડ પર લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ છે. આમ, ત.ક.અમલદારની તપાસ પરત્વે શંકા ઉભી થાય તેવી હકીકતો રેકર્ડ પર આવેલ છે.

**<u>બીજા ત.ક.અમલદારનો પુરાવો :–</u>**

(૨૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૪,રમેશભાઇ કનુભાઇ રાઠવા**ને આ કામે **આંક:૭૬** થી તપાસેલા છે. જેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સીની.પો.સ.ઇ. તરીકે ડાકોર મુકામે ફરજ પર હાજર થયેલા તે દરમ્યાન આ ગુનાની તપાસ તથા તપાસના કાગળો મળેલ હોય અગાઉના ત.ક.અમલદારે કરેલ તપાસના કાગળોનો અભ્યાસ કરી ચાર્જશીટ કરેલાનું જણાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, એફ.એસ.એલ. તરફથી પત્ર તથા અહેવાલો આવતા,નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ. આમ, એફ.એસ.એલ. પત્ર, બાયોલોજીકલ અહેવાલ તથા સીરોલોજી અહેવાલ વિગેરે તેઓ પોતાની સરતપાસમાં

અનુક્રમે આંક:૭૭ થી આંક:૭૯ ના રજુ કરેલ છે. તેથી વિશેષ કોઇ મહત્વની હકીકત જણાવતા નથી.

(૨૩.૧) જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ એ વાત સ્વીકારે છે કે, તપાસ સંભાળેલી ત્યારે તપાસના તમામ પેપર્સ વંચાણે લીધેલા તેમજ આ કામે કબજે થયેલ મોબાઇલ સાદો હતો,એન્ડ્રોઇડ મોબાઇલ ન હતો અને એન્ડ્રોઇડ મોબાઇલ ના હોય તો ફોટો એકબીજામાંથી સેન્ડ થઇ શકે નહી. તેમજ સાદા મોબાઇલમાં ફોટા ઉભા રહીને પાડવા પડે તેમજ આ કામે ચાર્જશીટ કર્યા સિવાય કોઇ જ કાર્યવાહી કરેલ નથી.

(૨૩.૨) આમ,સદર ત.ક.અમલદારનો પુરાવો ધ્યાને લેતા, આ કામે બીજી કોઇ જ મહત્વની તપાસ તેઓએ કરેલ નથી અને અગાઉ પ્રથમ ત.ક.અમલદારની તપાસ અન્વયે માત્ર ચાર્જશીટ કરેલાનું જોઇ શકાય છે અને સદરહું ત.ક.અમલદાર પણ તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, કબજે થયેલ મોબાઇલ સાદો હતો અને તે એન્ડ્રોઇડ મોબાઇલ ન હોય ફોટા એકબીજામાંથી સેન્ડ થઇ શકે નહી. આમ, આ કામે કબજે થયેલ મોબાઇલ પરત્વે ફરીયાદી તથા સાહેદો, ફરીયાદમાં તથા નિવેદનમાં જણાવેલ હકીકતો કે સદરહું મળેલા મોબાઇલમાં ફોટા હતા, તે સંદર્ભે શંકા ઉભી થાય, તેવું સદરહું મહત્વના એવા તપાસ કરનાર અમલદાર પણ સદરહું મોબાઇલ સંદર્ભે જણાવે છે. આમ,સદરહું તપાસ કરનાર અમલદારની બચાવપક્ષે થયેલ ઉલટ તપાસ જોતા પણ ફરીયાદીની ફરીયાદ પરત્વે તથા આ કામે થયેલ તપાસ પરત્વે શંકા ઉભી થાય તેવી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે.

**<u>મુલ્યાંકન :-</u>**

(૨૪) આમ,ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતા, આ કામના આરોપીએ ગઇ તા.૧૬/૦૭/૧૭ ની રાત્રીના કલાક ૨૧:૦૦ થી

તા.૧૭/૦૭/૧૭ ના કલાક ૬:૩૦ દરમ્યાન મોજે: નેસ હનુમાનજી વાળા ફળીયામાં ફરીયાદીની મરણ જનાર દીકરી પારૂલબેન ઉવ.૧૮ નાની સગાઈ સંદેસર ગામે કરેલ હોઈ જેથી આ કામના આરોપીએ પારૂલબેનના લગ્ન ન થવા દેવા સારૂ સંદેસર ગામે ફરીયાદીના સાહેદ નં.૧૪ પ્રેમકુમાર રમેશભાઈ રાવળનાઓને અવાર–નવાર ફોન કરી જણાવેલ કે, પારૂલના લગ્ન તારી સાથે થવા નહી દઉ તેમ જણાવતા હોય, જેની જાણ મરણ જનારને થતાં મનમાં લાગી આવતાં તે મરવા માટે મજબુર થતાં પોતાની જાતે પોતાના ઘરની બાજુની ઓરડીમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી મરણ ગયેલ અને તે અંગે આરોપીએ દુષ્પ્રેરણ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬ અન્વયેનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આમ, આ કામે ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતા અને આ અન્વયે હાલના આરોપી ઉપર આક્ષેપિત **ઇ.પી.કો.કલમ–૩૦૬ ની જોગવાઈ** તથા તે સંદર્ભે **ઇ.પી.કો.કલમ–૧૦૭ ની જોગવાઈ** ધ્યાને લેતા, :–

**IPC 306 :–**

*"If any person commits suicide, whoever abets the commission of such suicide, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine."*

આ સાથે **કલમ–૧૦૭ ની વ્યાખ્યા** ધ્યાને લેતા :–

In the Indian Penal Code, **Section 107** defines the three specific ways a person can be held liable for abetting (instigating or helping) a crime.

### Definition of Abetment (Section 107)

A person abets the doing of a thing, who:

1. **Instigates:** Provokes, incites, or encourages any person to do that thing.
2. **Engages in Conspiracy:** Becomes part of a conspiracy with one or more other persons for the doing of that thing, provided an illegal act or omission takes place in pursuance of that conspiracy.

3. **Intentionally Aids:** Intentionally aids, by any act or illegal omission, the doing of that thing.

(૨૫) આમ, ઉપરોકત આક્ષેપિત કલમોની જોગવાઈઓ ધ્યાને લેતા, તે અન્વયેનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌ પ્રથમ હાલના આરોપીએ જ બનાવ સમયે,સ્થળે અને તારીખે ફરીયાદીની મરણ જનાર દીકરી, ઉવ.૧૮ નાની સગાઈ સંદેસર ગામે કરેલ હોઈ જેથી આ કામના આરોપીએ મરણ જનાર બેનના લગ્ન ન થવા દેવા સારૂ સંદેસર ગામે ફરીયાદીના સાહેદ નં.૧૪ પ્રેમકુમાર રમેશભાઈ રાવળનાઓને અવાર–નવાર ફોન કરી જણાવેલ કે, પારૂલના લગ્ન તારી સાથે થવા નહી દઉ તેમ જણાવતા હોય, જેની જાણ મરણ જનારને થતાં મનમાં લાગી આવતાં તે મરવા માટે મજબુર થતાં પોતાની જાતે પોતાના ઘરની બાજુની ઓરડીમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી મરણ ગયેલ અને તે અંગે આરોપીએ દુષ્પ્રેરણ કરેલ, તેવું પુરવાર કરવું પડે.

(૨૬) તે સંદર્ભે આ કામે ફરીયાદપક્ષે જે રજુ થયેલ પુરાવો છે તે જોવામાં આવે તો, **આંક:૨૧** થી તપાસાયેલ **ડોકટર સાહેદ : અલ્પેશ ચંદ્રકાંતભાઈ વાઘેલા**ની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જોતા તેઓએ આ કામના મરણ જનારની લાશનું પી.એમ. કરેલ છે અને તેઓની જુબાની જોતા, તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી પ્રમાણેની વિગતો સરતપાસમાં જણાવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જ સ્પષ્ટ જણાવેલ છે કે,''મૃતદેહ ઠંડો હતો,મૃતદેહ સડી રહેલો હોવાના કારણે તેના બાંધા અને પોષણ વિશે અભિપ્રાય આપી શકાય નહી, તેમજ સદરહું મરણ જનારનું મૃત્યુ ચોકકસ કયા કારણે થયેલ તેના સંદર્ભે પણ સ્પષ્ટ અભીપ્રાય આપી શકાય નહી, તેમજ મૃતદેહના આંતરીક પરીક્ષણથી પણ મૃતદેહ સડી રહેલ હોવાના કારણે ગળાના ભાગે કોઈ ઈજા ઓળખી શકાય તેમ ન હતી તેમજ મૃત્યુનું કારણ પી.એમ. કરતી વખતે તેઓએ સ્પષ્ટ જણાવેલ નથી કારણકે, એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ નહી. વધુમાં

તેઓ એ પણ જણાવે છે કે, એફ.એસ.એલ. રીપોર્ટ ધ્યાને લઈ મૃત્યુનું અંતિમ અભિપ્રાય આપી શકાય અને તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે, આ મરણ જનારના મૃત્યુ અંગે કોઈ ચોકકસ અભીપ્રાય આપી શકાય તેમ નથી અને સાંયોગીક પુરાવો ધ્યાને લેવા સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં તેઓ એ પણ જણાવે છે કે, પી.એમ.નોટ ના કોલમ નં.૧૭ માં દર્શાવેલ ફાંસાની ઈજા કોઈ વ્યકિત જાતે ગળે ફાંસો ખાવાથી થઈ શકે તેવી ઈજા છે.

(૨૭) જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે,શબ ડીકંમ્પોઝ હાલતમાં તેમની સમક્ષ આવેલ,અને આ શબનું પી.એમ. કરતા સમયે અલગથી નોંધ પણ કરતા હતા અને શબ ડીકમ્પોઝ હાલતમાં આવેલ હોવાથી તેના અવસાનનું ચોકકસ કારણ તેઓ આપી શકે નહી, તેમજ એ પણ સ્વીકારે છે કે, શબનું થાઈરોઈડ કાર્ટીલેજ તુટેલ હાલતમાં ન હતું તેમજ આવા કીસ્સામાં હેન્ગીંગ સીવાયનું પણ મૃત્યુનું કારણ હોઈ શકે. એટલે કે, ફરીયાદપક્ષે તપાસાયેલા સદરહું પી.એમ.કરનાર ડોકટરની કોર્ટ રૂબરૂની જુબાની જોતા પણ મરણ જનારના મૃત્યુના કારણ સંદર્ભે કોઈ ચોકકસ સ્પષ્ટતા ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ સદરહું પી.એમ.કરનાર એવા નિષ્ણાંત ડોકટર પણ તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં મરણ સંદર્ભે સ્પષ્ટ અભીપ્રાય આપી શકે તેમ ન હોવાનું જણાવેલ છે. તેમજ તે સંદર્ભે સાંયોગીક પુરાવા ધ્યાને લેવા,તેવું જણાવે છે. આમ, ફરીયાદપક્ષ સદરહું ડોકટરના પુરાવાથી પણ મરણ જનારના મૃત્યુનું ચોકકસ કારણ પુરવાર કરી શકેલ નથી.

(૨૮) ત્યારબાદ ફરીયાદપક્ષે અન્ય તપાસાયેલ મહત્વના સાહેદ જોવામાં આવે તો, આંક:૩૭ થી ફરીયાદી : રાજેશભાઈ કાંતીભાઈ રાવળ(સાહેદ નં.૨, મરણ જનારના પિતા),આંક:૩૯ થી સાહેદ : ચિરાગકુમાર રાજેશભાઈ રાવળ (સાહેદ નં.૩, મરણ જનારના ભાઈ) તથા આંક:૪૧ થી તપાસાયેલ સાહેદ: હીનાબેન રાજેશભાઈ રાવળ, (સાહેદ નં.૪, મરણ જનારના માતા) વિગેરે સદરહું ફરીયાદપક્ષે

તપાસાયેલ મહત્વના ફરીયાદી તથા સાહેદો કે જેઓ મરણ જનારના સગાં થાય છે, તેઓની પણ કોર્ટ રૂબરૂની જુબાની જોવામાં આવે તો, તેઓએ બનાવ તારીખ:૧૬/૭/૨૦૧૭ ના રોજ બનેલાનું જયારે ફરીયાદ તારીખ: ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ એટલે કે, આશરે પચીસેક દીવસ બાદ આપેલાનું તેમજ આ ફરીયાદ મોડી આપવા બાબતેનો કોઇ જ સંતોષકારક ખુલાસો આ કામે રજુ થયેલ કોઇ જ પુરાવા જોતા કરી શકેલ નથી.ઉલ્ટાનું સદરહું ફરીયાદ પાછળથી ઉભી કરેલ હોવાનું કોર્ટ રૂબરૂની જુબાની જોતા જણાય આવે છે. જેમકે, આંક:૩૭ થી તપાસાયેલ ફરીયાદી તેઓએ આ ફરીયાદ જે આધારે કરેલાનું જણાવે છે, એટલે કે તેમના પત્ની બનાવ સ્થળે સાફસફાઇ કરતા હતા ત્યારે મોબાઇલ મળેલાનું જણાવે છે. જે મોબાઇલ તેઓએ તેમના દીકરા એટલે કે, આંક:૩૯ થી તપાસાયેલ સાહેદ:ચીરાગભાઇને આપેલ અને સદરહું મોબાઇલ ચાલુ કરતા તેઓએ મોબાઇલમાં મેસેજો જોયેલા અને તે આધારે તેઓએ ફરીયાદ કરેલાનું જણાવે છે અને જેને આ મોબાઇલ મળેલ તેવા સાહેદ: હીનાબેન રાજેશભાઇ રાવળ તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, સાફસફાઇ કરતા તેમને આ મોબાઇલ મળેલ અને તેઓએ ચીરાગને આ મોબાઇલ આપેલાનું અને તેમના દીકરા ચીરાગભાઇએ આ મોબાઇલ ખોલેલ અને ચીરાગભાઇએ આરોપીના ફોટા અને મેસેજો જોયેલાનું જણાવે છે અને સદર કામે સ્વતંત્ર કહી શકાય તેવા બંને તપાસ કરનાર અમલદારની આ સંદર્ભે આંક: ૬૨ તથા આંક:૭૬ થી રજુ જુબાની જોતા, આ મળી આવેલ મોબાઇલ સાદો હોવાનું અને આ મોબાઇલ એન્ડ્રોઇડ ન હતો, અને તેમાંથી ફોટા સેન્ડ ન થઇ શકે તેમ જણાવે છે. આમ,સદરહું તપાસાયેલ ફરીયાદી તથા સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાની એકબીજાથી વિરોધાભાસી હોય, તેઓના પુરાવાથી ફરીયાદ પરત્વે શંકા ઉભી થાય તેવી હકીકતો રેકર્ડે આવેલાનું જોઇ શકાય છે.

(૨૯) વધુમાં **ફરીયાદી: રાજેશભાઇ કાંતીભાઇ રાવળ** તેઓના **આંક:૩૭** ના પુરાવા દરમ્યાન બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં જ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ તેમની મરણ જનાર દીકરીને મળી આવેલ કોઇ મોબાઇલ લઇ આપેલ નહી કે તેઓના ઘરમાં ઉપયોગ કરતી હોય તેવું જોયેલ નથી અને તેણીએ આ મોબાઇલનો ઉપયોગ ઘરના કોઇપણ સભ્ય સમક્ષ કરેલ ન હોવાનું જણાવે છે અને તેમની દીકરીએ આ મોબાઇલ અંગે,તેણી હયાત હતી ત્યાં સુધી કોઇને જણાવેલ નહી તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે,જે બનાવ સ્થળે તેમની દીકરીએ ગળાફાંસો ખાધેલ હતો તે બાદ ઘણા લોકો આ મકાનમાં આવ–જા કરતા હતા અને બનાવના દીવસે પણ ફળીયાના ઘણા લોકો ત્યાં આવેલા અને સદર ફરીયાદી એ વાત પણ સ્વીકારે છે કે,તેમની દીકરી જીવતી હતી ત્યાં સુધી કોઇ ફરીયાદ આ આરોપી બાબતેની તેમને કે તેમના ઘરના લોકોને કરેલ નહી તેમજ આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ પણ પોલીસ સ્ટેશને કરેલ નથી તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, તેમની દીકરીને આરોપી સાથે કોઇપણ જાતના સંબંધ હોય તેની માહીતી તેમને કે તેમના ઘરના લોકોને હતી નહી.

(૩૦) તે જ રીતે **આંક:૩૯** થી તપાસાયેલ સાહેદ :**ચિરાગકુમાર રાજેશભાઇ રાવળ** તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સ્પષ્ટ સ્વીકારે છે કે, તેઓએ જે મોબાઇલ જોયેલ તે સાદો હતો અને તેમાં તેઓ જણાવે છે તે ફોટો કેવી રીતે આવેલ તેની કોઇ માહીતી તેમને ન હતી, તેમજ તેઓ એ પણ સ્વીકારે છે કે, તેમની મરણ જનાર બહેન મોબાઇલ વાપરતી હોય તે વાતની તેઓને જાણ નથી તેમજ તેને મોબાઇલ ઉપર વાત કરતાં પણ જોયેલ નથી.

(૩૧) તે જ રીતે **આંક:૪૧** થી તપાસાયેલ સાહેદ : **હીનાબેન રાજેશભાઇ રાવળ** તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકારે છે કે, તેઓને જે મોબાઇલ મળેલ તેમાં ફોટો કયાંથી આવ્યો તેની તેમને ખબર નથી અને આ મોબાઇલ તેઓએ તેમની મરણ જનાર દીકરીને લઇ આપેલ નહી. વધુમાં તેઓ

એ પણ સ્વીકારે છે કે,તેઓએ કયારેય પણ તેમની દીકરી પાસે આ મોબાઇલ જોયેલ નહી અને આ મોબાઇલ મળ્યો તે પહેલા આ મોબાઇલનો ઉપયોગ કોણ કરતું હતું તેની કોઇ માહીતી ન હોવાનું અને મળી આવેલ મોબાઇલ ૨-૩ દીવસ બાદ પોલીસને આપેલ તે વખતે ફરીયાદ કરેલ,તે પહેલાં કોઇ ફરીયાદ પોલીસને કરેલ નથી. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, મરણ જનાર દીકરીની સગાઇ તેણી ગુજરી ગઇ તેના ૩ મહીના પહેલા કરવામાં આવેલ જયારે, આંક:૩૭ થી તપાસાયેલ ફરીયાદી:રાજેશભાઇ કાંતીભાઇ રાવળ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેમની દીકરીની સગાઇ મરણ ગયાના પંદર દીવસ અગાઉ કરવામાં આવેલાનું જણાવે છે. આમ,સદરહું ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી તથા સાહેદો પણ પોતાની જ મરણ જનાર દીકરીના સગપણ સંબંધે પણ એકબીજાથી વિરોધાભાસી હકીકત જણાવતા હોવાનું આ કામે રેકર્ડ જોતા સ્પષ્ટપણે જણાય આવે છે.

(૩૨) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે મહત્વના કહેવાય તેવા ફરીયાદપક્ષના સાહેદ નં.૧૧ :પ્રેમ કુમાર રમેશભાઇ રાવળ તેમના આંક:૫૯ થી રજુ કોર્ટ રૂબરૂની સરતપાસમાં મરણ જનાર સાથે તેમની સગાઇ થયેલાનું જણાવે છે અને આ હકીકતને ફરીયાદી તથા સાહેદોએ પણ તેમના કોર્ટ રૂબરૂના પુરાવામાં સમર્થન કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, બનાવ સ્થળેથી મરણ જનારના ભાઇ ચિરાગને મોબાઇલ મળેલ જેમાં ફોટા અને ફોનમાં મેસેજ મળેલા, આ મેસેજમાં શું હતું હાલ તેમને યાદ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, તેમની સગાઇ મરણ જનાર સાથે થયેલ ત્યારબાદ તેમના મોબાઇલ પર ધમકીભર્યા ફોન આવતા હતા અને આરોપી તેઓને મરણ જનાર સાથે છેલ્લા દોઢ વર્ષથી પ્રેમ સંબંધ હોય તેઓને ફોનમાં ગાળો બોલતા હતા અને ધમકી આપતા હોવાનું જણાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે,આ તાહીર રફીક વ્હોરાને તેઓ રૂબરૂ મળેલા નહી. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ

જણાવે છે કે, મરણ જનારની સાથે તેઓની સગાઇ તેણી અવસાન પામેલ તેના ત્રણેક માસ અગાઉ થયેલ હતી અને તેઓએ મરણ જનારને ફોન લઇ આપેલ અને અને તેણી સાથે તેઓને ઘણીબધી વાતચીત થતી હતી. તે સમયે મરણ જનારે તેઓને તેણીના આવા કોઇ પ્રેમ સંબંધ બાબતે કોઇ વાત કરેલ નહી કે તાહીર વ્હોરાને તેઓ કયારેય મળેલ નથી કે કોઇ દીવસ તાહીર વ્હોરા સાથે રૂબરૂ કયારેય કોઇ વાતચીત થયેલ નથી કે બનાવ પહેલા પણ તેઓએ આ તાહીરનો કયારેય કોઇ અવાજ સાંભળેલ નહી. તેઓ એ પણ જણાવે છે કે,કોઇ પણ વ્યકિત ફોન પર કોઇનું નામ દઇને ફોન કરે તો ખરેખર ફોન પર કોણ વાત કરે છે તેની જાણ થાય નહી. તેઓ એ પણ સ્વીકાર કરે છે કે, તેમના મોબાઇલમાં ધમકીભર્યા મેસેજો આવતા હતા અને આરોપી તેઓને ધમકી આપતો હોવાની હકીકત મરણ જનારના માતાપિતાને કરેલ. જયારે, ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી : રાજેશભાઇ કાંતીભાઇ રાવળનો (મરણ જનારના પિતા) આંક:૩૭ નો પુરાવો તથા આંક:૪૧ થી તપાસાયેલ સાહેદ: હીનાબેન રાજેશભાઇ રાવળ (મરણ જનારના માતા) નો પુરાવો ઘ્યાને લેતા, આ સાહેદ પ્રેમકુમાર નાઓએ તેઓને મરણ જનારના અન્ય વ્યકિત સાથેના પ્રેમ સંબંધ અંગેની કોઇ વિગત જણાવેલ, હોવાની હકીકત જણાવતા નથી. આમ,મરણ જનાર સાથે સગાઇ કરનાર સાહેદ પણ ફરીયાદીથી તથા પોતાના જ પોલીસ નિવેદનથી વિરોધાભાસી હકીકત કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે.

(૩૩) આ સિવાય ફરીયાદપક્ષે આંક:૪૨ થી તપાસાયેલ પંચસાહેદ : રાજેશભાઇ હરમાનભાઇ પટેલ(સાહેદ નં.પ),આંક:૪પ થી તપાસાયેલ પંચસાહેદ:દીનેશભાઇ સોમાભાઇ રાવળ(સાહેદ નં.૬) તથા આંક:૪૬ થી તપાસાયેલ પંચસાહેદ:વિમળાબેન હરમાનભાઇ પટેલ (સાહેદ નં.૭) કે જેઓ આંક:૪૪ થી રજુ ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદો છે. સદર પંચસાહેદો તેમની સરતપાસમાં સદર પંચનામાની હકીકતને સમર્થન કરી ગયેલ ન હોય તેઓને હોસ્ટાઇલ

જાહેર થયેલ છે. જયારે,<u>આંક:૪૭</u> થી તપાસાયેલ <u>પંચસાહેદ: પ્રકાશકુમાર પ્રભાશંકર પંડયા (સાહેદ નં.૮)</u> તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં મરણ જનારની માતાને મળેલ મોબાઇલ કબજે લીધેલ તે સંબંધેના પંચસાહેદ છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સદરહું મોબાઇલ તેમની રૂબરૂમાં કબજે લીધેલ,તે સીવાય બીજી કોઇ હકીકત જણાવતા નથી. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં <u>આંક:૪૯</u> તથા <u>આંક:૫૧</u> વાળા પંચનામામાં તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય એવું બનેલ નહી,તેવું જણાવે છે. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમના રૂબરૂ આ મોબાઇલ ઘરમાંથી મળેલ નહી, પોલીસે લખાણ કરેલું તેમાં તેઓએ સહીઓ કરેલ. આમ,સદર પંચસાહેદના પુરાવાથી પણ આંક:૪૯ તથા આંક:૫૧ વાળા પંચનામાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૩૪) તે જ રીતે **આંક:પર** થી તપાસાયેલ **પંચસાહેદ બળવંતસિંહ પ્રભાતસિંહ ડોડીયા(ફરીયાદપક્ષના સાહેદ નં.૯)** તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં **આંક:૫૩ વાળા બનાવવાળી જગ્યાના પંચનામામાં** સહી કરેલાનું અને સરતપાસમાં સદર પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ફરીયાદપક્ષે થયેલ ઉલટ તપાસમાં પણ સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. જયારે,બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર પંચસાહેદ સ્વીકારે છે કે,તેમની તથા બીજા પંચની તેઓ તે જગ્યાએ ઉભા હતા ત્યારે સહીઓલીધેલ અને તેઓ બંનેમાંથી કોઇપણ વ્યકિતએ તેમના ઘરમાં પ્રવેશ કરેલ નહી, પોલીસે તૈયાર લખાણ આપેલ અને તે લખાણમાં તેઓ બંનેએ સહી કરેલ.આમ,સદરહું પંચસાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ <u>આંક:૫૩</u> થી રજુ <u>બનાવવાળી જગ્યાના પંચનામા</u>ની હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૩૫) જયારે,આ સિવાય ફરીયાદપક્ષે અન્ય તપાસાયેલ **આંક:૫૫** ના સાહેદ **:સતદીપકુમાર કોહ્યાભાઇ રાઠોડ (સાહેદ નં.૧૦**) નો

પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરીયાદ થતા સંબંધીત પોલીસ સ્ટેશન મારફતે દફનાવેલ શબનું પરીક્ષણ કરવાનું હોય યાદી મળતા પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી સંદર્ભે જુબાની આપેલ છે. તેથી વિશેષ મહત્વની કોઈ હકીકત જણાવેલ નથી.

(૩૬) ત્યારબાદ આ કામે આંક:૬૦ થી તપાસાયેલ સાહેદ:કૈલાસબેન રસીકલાલ શર્મા(સાહેદ નં.૧૨) કે જેઓએ ફરીયાદ નોંધાઇ તે તારીખે ડાકોર પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા. તેમના રૂબરૂ ફરીયાદીની ફરીયાદ આવતા તેઓએ ગુનો રજીસ્ટર્ડ કરેલાનું જણાવે છે.

(૩૭) ત્યારબાદ સદર કામે **આંક:૬૩ થી તપાસાયેલ પ્રથમ ત.ક.અમલદાર હર્ષદભાઈ જશભાઈ ઠાકોરની** તથા **આંક:૭૬ થી તપાસાયેલ બીજા ત.ક.અમલદાર રમેશભાઈ કનુભાઈ રાઠવા**ની જુબાની જોતા, પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી સ્વરૂપેની જુબાની આપેલ છે અને સદરહું બંને ત.ક.અમલદાર બનાવ બન્યા બાદ ૨૫ દીવસ બાદ મોડી ફરીયાદ આપેલાનો ખુલાસો ફરીયાદપક્ષે કરેલ નથી કે તેમની તપાસ દરમ્યાન ફરીયાદી કે ફરીયાદપક્ષના સાહેદોએ કોઈ ચોકકસ સંતોષકારક ખુલાસો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ઉલ્ટાનું ફરીયાદ જે આધારે કરવામાં આવેલ છે,તે મળેલ મોબાઈલ પણ આરોપીનો ન હોવાનું તથા તે મોબાઈલ આવા આક્ષેપિત ગુના અન્વયે પુરવાર કરવા માટે સાયન્ટીફીક રીતે તપાસ કરવા માટે મુદ્દામાલ તરીકે દર્શાવવાનો હોય અને એફ.એસ.એલ. માં પણ મોકલવાનો હોય તેમછતાં આવી કોઈ જ કાર્યવાહી ન કરેલાનું સદરહું ત.ક.અલમદારની જુબાની જોતા,જણાય આવે છે. ઉલ્ટાનું તેઓ તેમની બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે,જે મોબાઈલ કબજે કરવામાં આવ્યો તે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નહી. આમ,ફરીયાદપક્ષે સદરહું તપાસાયેલ ત.ક.અમલદારોની તપાસમાં

શંકા ઉદ્ભવે છે અને ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલા ન હોવાનું જણાય આવે છે.

(૩૮) વધુમાં આ કામે તપાસાયેલ ફરીયાદી, સાહેદો, ડોકટર સાહેદ, પોલીસ સાહેદો વિગેરેની જુબાની જોતા અને હાલના આરોપી ઉપર આક્ષેપિત કલમ–૩૦૬ ની જોગવાઈ જોતા, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા માટે જે મહત્વના આવશ્યક તત્વો પુરવાર કરવા જોઈએ,તેવા કોઈ જ તત્વો ફરીયાદપક્ષે તપાસાયેલ સાહેદોની જુબાનીથી શંકારહીત પુરવાર કરેલ હોય તેવું જોઈ શકાતું નથી. જયારે આવા ગંભીર ગુનામાં ફરીયાદી જે આધારે ફરીયાદ લઈને આવેલ છે તે આધારે મરણ જનારને તથા મરણ જનારની જેની સાથે સગાઈ થયેલ છે તેવા સાહેદ પ્રેમ કુમાર રમેશભાઈ રાવળ તેમના આંક:૫૯ થી રજુ પુરાવામાં આ કામના આરોપીએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે મરણ જનારને તેના કારણે મનમાં લાગી આવેલ હોય કે લાગણીવશ થઈને આવું કોઈ કૃત્ય કરેલ હોય તેવું ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ઉલ્ટાનું ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની તેમજ મૌખિક તેમજ દસ્તાવેજી આધારો જોતા, બનાવ બન્યા બાદ પચીસ(૨૫) દીવસ પછી ફરીયાદ આપેલ છે. તે સંબંધે કોઈ સંતોષકારક ખુલાસો કરેલ નથી, તેમજ કોર્ટ રૂબરૂ તપાસાયેલ ફરીયાદી તથા સાહેદો પણ જ ણાવે છે કે, હાલના આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરી તે અગાઉ ફરીયાદમાં જણાવેલ છે તેવી વિગતે એટલે કે, મરણ જનારને આરોપી સાથે પ્રેમ સંબંધ હોય અને તેના કારણે મરણ જનારની જેની સાથે સગાઈ થયેલ તેવા પ્રેમકુમાર રાવળને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય, જેથી મરણ જનારને લાગી આવેલ – તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ઈ.પી.કોડની કલમ–૩૦૬ અન્વયેનો ગુનો પુરવાર કરવા માટે હાલના આરોપીએ આ મરણ જનારને આત્મહત્યા કરવા પ્રેરે, તેવું કોઈ વર્તન કરેલ હોય, તેવી કોઈ ધમકી આપેલ હોય કે

સાહેદોને પણ કોઇ ધમકી આપેલ હોય કે સાહેદોને પણ તેવી જાણ કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૯) આમ, હાલના કામે ફરીયાદપક્ષ હાલના આરોપીએ મરણ જનારને કોઇ ચઢવણી કરેલ હોય કે આત્મહત્યા કરવા માટે મજબુર કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. પરણીત સ્ત્રીએ જયારે આત્મહત્યા કરેલ હોય ત્યારે તેના પતિ અથવા સગાં વિરૂધ્ધ અનુમાન થાય. જયારે,હાથ પરના કેસમાં આવા કોઇ સંજોગો નથી, એટલે કે પ્રેમ સંબંધના કારણે આરોપીએ મરણ જનારને આત્મહત્યા કરવા મદદગારી કરેલ હોય તેવો આક્ષેપ છે. પરંતુ, આવા કીસ્સામાં આરોપીએ આવી કોઇ મદદગારી કરેલ હોય તેવી વિગત ફરીયાદપક્ષ પોતાના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જયારે, હાલના કેસમાં, સંજોગો આધારીત, સાંયોગિક આધારભુત પુરાવા આધારે આ કામના આરોપીએ મરણ જનારને આત્મહત્યા કરવા માટે સ્પષ્ટપણે મદદગારી કરેલ છે, તેવું પુરવાર કરેલ ન હોય, આરોપીને સજા થઇ શકે નહી.

(૪૦) આમ, ઉપરોકત સમગ્ર હકીકત તેમજ આરોપી સામે આક્ષેપિત કલમો અન્વયેની જોગવાઇ જોતા, આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુનો, શંકારહીત યોગ્ય પુરાવા રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે, તેવું પુરતા અને વિશ્વસનીય પુરાવા આધારે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં

આરોપી દોષમુકત અગર તો બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. તે સંજોગો જોતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૪૧) વધુમાં આક્ષેપિત ઇ.પી.કો.કલમ–૩૦૬ હેઠળના ગુનામાં આત્મહત્યામાં મદદગારીના કિસ્સામાં પ્રથમ મદદગારની સક્રીય મદદગારી હોવાનું પુરવાર થવું આવશ્યક છે. હાલના કેસમાં ફરીયાદપક્ષ આવી કોઇ જ વિગતો પુરવાર કરી શકેલ નથી. જયારે,તે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતના તથા ઉચ્ચ અદાલતોના મુરૂગલ વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ તમીલનાડુ, આઇ.ઓ.પી. –૨૦૨૫, એસ.એ.આર.(ક્રિમીનલ)–૫૦૯ તથા લક્ષ્મણપ્રસાદ ઉર્ફે લચ્છુ વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય (Laxman Prasad @ Lacchu vs State Of M.P.), 2003 (3) Crimes 57 (SC) | AIR 2003 SC 2777 તથા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મમતાબેન પ્રભુભાઇ-**2025(2) GLR 1539** - ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાંત જોતા સાંયોગિક પુરાવા ઉપર આધારીત કેસ હોય ત્યારે ફરીયાદપક્ષે તેઓના બનાવની અખંડ સાંકળ(ચેઇન) પુરવાર કરવી પડે. જો તે રીતે તેઓ પુરવાર કરી ન શકે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આમ, હાલના કેસમાં પણ ફરીયાદપક્ષ પોતાના પુરાવાથી સાંયોગિક પુરાવા આધારે જ બનતા ગુના સંદર્ભે અખંડ સાંકળ બનાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેમ ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ આવેલ છે. જેનો લાભ આ કામના આરોપીને મળવાપાત્ર થાય છે.

(૪૧.૧) વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા રમેશ દેસાણી વિરૂધ્ધ ગુજરાત હાઇકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ''મદદગારીના કિસ્સામાં ગુનો બને તે પહેલાં મદદગારની સક્રિય મદદગારી હોવી આવશ્યક છે.'' વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. સુખવિન્દર સિંઘ–૨૦૦૪ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) સુપ્રીમ પાના–૧૬૫ ના ચુકાદામાં પણ પ્રસ્થાપિત કરેલ

છે કે, જ્યારે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવતું હોય ત્યારે વિરોધાભાસી પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર આવેલ હોય ત્યારે તેનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરીને તેમાં જો આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર હોય તો તે પ્રમાણે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. તે રીતે હાલના કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા તેમજ આરોપી ઉપર આક્ષેપિત ગુના સંદર્ભે રજૂ થયેલા પુરાવામાં શંકા ઉભી થાય તેવી હકીકત રેકર્ડ પર લાવવામાં બચાવ પક્ષ સફળ રહેલ છે. જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે આ કામે પણ આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર હોવાનું જણાય છે.

(૭૨) આમ,ફરીયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની સમીક્ષા કરતા જણાય છે કે, ફરીયાદપક્ષે આત્મહત્યાની હકીકત સાબીત કરી હોવા છતાં, ફરીયાદપક્ષે ઇ.પી.કો.કલમ–૧૦૭ મુજબના ઉશ્કેરણી/ચઢવણી કરી આત્મહત્યામાં મદદગારીના આવશ્યક ઘટકો/તત્વો સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઇ.પી.કો.કલમ–૩૦૬ મુજબનો આક્ષેપિત ગુનો પુરવાર થતો નથી. આત્મહત્યા કરતા પહેલા આરોપી ધ્વારા ઉશ્કેરણી,ઇરાદાપુર્વક સહાય/મદદગારી અથવા સક્રિય ભાગીદારીના કોઇપણ સકારાત્મક કાર્યની ગેરહાજરીમાં, ફકત ઉત્પીડન, ઝઘડો અથવા તણાવપુર્ણ સંબંધોનો આરોપ, આત્મહત્યા માટે ઉશ્કેરણીનો ગુનો બનાવવા માટે પુરતો નથી.

(૭૨.૧) વધુમાં <u>નામદાર સુપ્રીમ કોર્ટના</u> <u>ગીતા વિરૂધ્ધ કર્ણાટક રાજ્ય(2025-scc-online-SC-1938), અમુલ વિરૂધ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય (૨૦૨૫)</u> અને અગાઉના જજમેન્ટોમાં પણ વારંવાર એવું પ્રસ્થાપિત કરેલ છે કે,ઇ.પી.કો.કલમ-૩૦૬ હેઠળ દોષિત ઠેરવવા માટે, ફરીયાદપક્ષે મૃતકને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવા અથવા મદદગારી માટે આરોપી તરફથી સ્પષ્ટ કારણ સાબીત કરવું જોઇએ અને આરોપીના કૃત્યો અને આત્મહત્યા વચ્ચે સીધો અને નજીકનો

સંબંધ હોવો જોઇએ. જયારે,હાલના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરાયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતા, આ કામના મરણ જનાર હાલના આરોપીને કારણે ઉશ્કેરાયેલ હોય,તેવા સીધા અથવા નજીકના કૃત્યનો કોઇ ખુલાસો કરતા નથી. રેકર્ડ પરની સામગ્રી શંકાની બહાર સાબીત કરવામાં નિષ્ફળ જાય છે કે, આરોપીએ મૃતકને ઈરાદાપુર્વક ઉશ્કેર્યા હતા,આવી આત્મહત્યા કરવા માટે મજબુર કર્યા હતા. શંકા ગમે તેટલી ગંભીર હોય પુરાવાનું સ્થાન લઇ શકતી નથી. તેથી અત્રેની કોર્ટનું માનવું છે કે, ફરીયાદપક્ષ ઈ.પી.કો.ની કલમ–૩૦૬ હેઠળ વાજબી શંકાની બહાર આરોપ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

(૪૩) આમ, ઉપરોક્ત સમગ્ર હકીકતો, ફરિયાદ પક્ષે રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ નામદાર ઉચ્ચ તથા સર્વોચ્ચ અદાલતે તેમના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, હાલના કામે તો ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો પોતાની જ ફરિયાદ પ્રમાણે શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોક્ત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા આ કામના આરોપીએ બનાવ સમયે,સ્થળે અને તારીખે ફરીયાદીની મરણ જનાર દીકરીની સગાઇ સંદેસર ગામે કરેલ હોઇ જેથી આ કામના આરોપીએ મરણ જનારના લગ્ન ન થવા દેવા સારૂ સંદેસર ગામે ફરીયાદીના સાહેદ: પ્રેમકુમાર રમેશભાઈ રાવળનાઓને અવાર–નવાર ફોન કરી જણાવેલ કે, મરણ જનારના લગ્ન તારી સાથે થવા નહી દઉ, તેમ જણાવતા હોય, જેની જાણ મરણ જનારને થતાં મનમાં લાગી આવતાં તે મરવા માટે મજબુર થતાં પોતાની જાતે પોતાના ઘરની બાજુની ઓરડીમાં ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી મરણ ગયેલ અને તે અંગે આરોપીએ દુષ્પ્રેરણ કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬** મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય, જેથી

**મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયોચિત માનું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આ કામના આરોપી : **તાહીરભાઈ રફીકભાઈ વોરા,** ઉ.વ.:૧૯, ધંધો:નોકરી, રહેવાસી: નેશ રાણીયા રોડ, ચંદુભાઈ મણીભાઈ પટેલના ખેતરમાં, તા.ઠાસરા, જી.ખેડા–નાઓને (<u>**ડાકોર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૪૯/૨૦૧૭**</u>) ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧)(બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮ (૧)) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકો આથી રદ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) (બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧) મુજબ આ કામના આરોપીએ સરકાર પક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના **રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

(૪) કબજે લેવાયેલ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદર ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ફોજદારી કાર્યરીતી અધીનીયમની કલમ–૩૬૫ (બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ ) મુજબ તેમજ ક્રિમિનલ

મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

(૬) હુકમની જરૂરી યાદી કરવી.

(૭) આ કેસનું રેકર્ડ નિયમોનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ–**દસમી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ:–નડીયાદ<br>તા.૧૦/૦૪/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા–એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |